www.kamalamgujarat.com
ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
Friday
16.10.2020
*Volume :5 * Issue No. 60



# કમલમ્

વંદે માતરમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451

Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)
*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કોવિડ-૧૯ સામે સંશોધન અને રસી વિકાસ ઈકોસિસ્ટમ સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કોવિડ-૧૯ મહામારી સામે લડવા માટે સંશોધન અને રસી વિકાસ ઈકોસિસ્ટમ સંદર્ભે એક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પરીક્ષણની ટેકનોલોજી, સંપર્ક ટ્રેસિંગ, દવાઓ અને ઉપચારો વગેરે પણ સમાવી લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી હર્ષવર્ધન; નિતિ આયોગના સભ્ય (આરોગ્ય); અગ્ર વૈજ્ઞાનિક સલાહકાર; વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. પ્રધાનમંત્રીએ ભારતીય રસી વિકાસકારો અને ઉત્પાદકોએ કોવિડ-૧૯ પડકારનો સામનો કરવા માટે કરેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી અને તમામ પ્રકારના આવા પ્રયાસોમાં સુવિધા અને સહકાર આપવા માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, નિયમનકારી સુધારા એક ગતિશીલ પ્રક્રિયા હતી અને નિયમનકારો દ્વારા દરેક વર્તમાન તેમજ ઉભરતા ક્ષેત્રોમાં નિષ્ણાંતોનો ઉપયોગ સક્રિયપણે થવો જોઈએ કારણ કે સંખ્યાબંધ નવા અભિગમોનો ઉદય થયો છે. પ્રધાનમંત્રીએ રસીના વ્યાપક વિતરણ અને ડિલિવરીના વ્યવસ્થાતંત્ર માટે આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની માહિતી મેળવી હતી. આમાં પૂરતા પ્રમાણમાં ખરીદી અને જથ્થાબંધ



સ્ટોકને સાચવવામાટેની ટેકનોલોજી, વિતરણ માટે નાનીશીશીઓભરવાની વ્યવસ્થા અને કાર્યદક્ષ રીતે ડિલિવરી જેવા વિવિધ પરિબળોની માહિતી મેળવી હતી. પ્રધાનમંત્રીએ નિર્દેશો આપ્યા હતા કે, સીરો-સર્વે અને પરીક્ષણ બંનેમાં વધારો કરવાની જરૂર છે.

તેમણે કહ્યું કે, નિયમિત ધોરણે, ઝડપથી અને ખર્ચ વગર પરીક્ષણ થાય તેવી સુવિધા તમામ લોકોને વહેલામાં વહેલી તકે ઉપલબ્ધ થવી જોઈએ. પ્રધાનમંત્રીએ પરંપરાગત તબીબી સારવારોના નિરંતર અને સઘન વૈજ્ઞાનિક પરીક્ષણઅને માન્યતાની જરૂરિયાત પર પણ વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે મુશ્કેલીના આ સમયમાં આયુષ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા પુરાવા આધારિત સંશોધન અને ભરોસાપાત્ર ઉકેલો પૂરા પાડવા માટે કરવામાં આવેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. પ્રધાનમંત્રીએ પુનરુચ્ચાર કર્યો હતો કે, દેશ પરીક્ષણ, રસી અને દવાઓ માટે માત્ર ભારતમાં જ નહીં પરંતુ આખી દુનિયામાં સસ્તી, સરળતાથી ઉપલબ્ધ અને વધારી શકાય તેવા ઉકેલો પૂરાં પાડવા માટે સંકલ્પબદ્ધ છે. પ્રધાનમંત્રીએ આ મહામારી સામે એકધારી સતર્કતા અને ખૂબ જ ઉચ્ચ પ્રમાણમાં પૂર્વતૈયારીઓ માટે આહ્વાન કર્યું હતું.

## રાષ્ટ્રપતિએ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી



કમલમ દૈનિક,

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવન ખાતે આજે (૧૫ ઓક્ટોબર, ૨૦૨૦) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી હતી. રાષ્ટ્રપતિએ અને રાષ્ટ્રપતિ ભવનના અધિકારીઓએ ડૉ. કલામની છબી સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## પ્રધાનમંત્રીએ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "ડૉ. કલામને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ. એક વૈજ્ઞાનિક અને ભારતના રાષ્ટ્રપતિ તરીકે ભારતના રાષ્ટ્રીય વિકાસમાં તેમના અમર્ય યોગદાનને ક્યારેય ભૂલી શકાશે નહીં. તેમની જીવનયાત્રા લાખો લોકોને શક્તિ આપે છે."

## રાજયમાં પાંચ કોવિડ વિજય રથ દ્વારા અભૂતપૂર્વ કાર્ય, આશરે ૭૯,૫૦૦ આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિ:શુલ્ક વિતરણ

### જનઆંદોલનમાં જોડાવા પ્રજાએ લીધા સાવચેતી અને સલામતીના શપથ







કમલમ દૈનિક,


કોવિડ વિજય રથ 'સાવચેતીને સંગ, જીતીશું જંગહ્ન એ નારા સાથે આજે ઓગણચાલીસમાં દિવસે સતત નાગરિકોને માસ્ક બરાબર રીતે પહેરવો, સાબુથી હાથ વારંવાર ધોવા અને ૬ ફુટના સામાજિક અંતરનું પાલન કરવું એ ત્રણ મુખ્ય બાબતો વિશે જાગૃત કરી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા આડત્રીસ દિવસથી ભ્રમણ કરી રહેલા પાંચ કોવિડ વિજય રથ દ્વારા લોકોમાં આશરે ૭૯,૫૦૦ નિ:શુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા (જામ ખંભાળિયા) તાલુકા ખાતેથી રથે પ્રસ્થાન કર્યું હતું. ખંભાળિયાના જુદા જુદા વિસ્તારો જેવા કે મુખ્ય બજાર, એસટી બસ સ્ટેન્ડ પાસે, ઝવેરી બજાર, બંગલા વાડી, હવેલી, મહાપ્રભુજી બેઠક, સરકારી ગાર્ડન વિસ્તાર, વગેરે વિસ્તારોમાં રથે ભ્રમણ કર્યું હતું. કલાકારોએ વિવિધ કળા નિદર્શન દ્વારા લોકોને સરકારની વિવિધ પહેલ અંગે માહિતગાર કર્યા અને કોરોના સાવચેતી અંગે જાગૃત કર્યા, તેમજ લોકોને કોરોના જાગૃતિ શપથ પણ લેવડાવ્યા હતા. આ સાથે જ લોકોમાં નિ:શુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું. સાંજે ૪ વાગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ( જામ ખંભાળિયા ) ખાતે રથે રોકાણ કર્યું હતું. જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાથી પોરબંદર જવા તરફ કોવિડ વિજય રથે પ્રસ્થાન કર્યું હતું. માંગરોળથી પોરબંદર જિલ્લાના કુતિયાણા તરફ જવાના રસ્તે પહેલું ગામ રાહીજ ગામના સ્થાનિક આગેવાનો અને શાળાના શિક્ષકે લીલી ઝંડી આપી રથ પ્રસ્થાન કરાવ્યું. ઉપસ્થિત સૌ લોકોએ કોરોના મહામારી સામેના શરૂ થયેલા જન આંદોલનમાં જોડાવવા માટેના શપથ લીધા. સમગ્ર દિવસ દરમિયાન રથ પર સવાર કલાકારો એ તમામ નાગરિકો પાસે કોવિડ જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. આજે ઓગણચાલીસમાં દિવસે લોએજ ગામ, શીલ ગામ, માધવપુર ગામ, ગોરસર ગામ, કડછ ગામ, ઘેડ બગસરા ગામ, મહિયારી ગામ, કાસાબડ ગામ, સેગરસ ગામ વગેરે વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. દિવસના અંતે સાંજે ૪ વાગે પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકા ખાતે રોકાણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું તેમજ માસ્કનું નિ:શુલ્ક વિતરણ કર્યું હતું. આજે રથે આણંદ જિલ્લામાં આંકલાવ તાલુકાની આંકલાવ નગરપાલિકાથી રથે પ્રસ્થાન કર્યું હતું. નગરપાલિકાના અધિકારી શ્રી શિરીષ પટેલે રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે આંકલાવ ગામના જુદા જુદા વિસ્તારો જેવા કે સ્વામિનારાયણ મંદિર, બસ સ્ટેશન, વિરકુવા ચોકડી, વગેરે વિસ્તારોમાં ભ્રમણ કરીને કોરોના અંગે, પોષણના મહત્વ વિશે તેમજ પાંચ વર્ષ સુધીના બાળકોમાં રસીકરણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિ:શુલ્ક વિતરણ કર્યું હતું. આ ઉપરાંત રથ પર સવાર કલાકારોએ સમગ્ર દિવસ દરમિયાન સ્થાનિકોને કોરોના જાગૃતિના શપથ લેવડાવ્યાહતા.આજેઓગણચાલીસમા દિવસે કોવિડ વિજય રથને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા પંચાયત ખાતેથી સહાયક તાલુકા વિકાસ અધિકારી શ્રી મેવાડાએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. માણસા તાલુકાના પરબતપૂરા ગામ અને તેની આજુનાજુના ગામના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. આજે રથે સુરત જિલ્લાના મહુવા તાલુકાના ઉમરા ગામથી પ્રસ્થાન કર્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે ઉમરા ગામ, તરકાણી ગામ, વગેરે વિસ્તારોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. કોવિડ વિજય રથ તેના અંતિમ તબક્કામાં જનઆંદોલનને કેન્દ્રમાં રાખીને જન-જન સુધી કોવિડ વિજય રથ સાવચેતી, સલામતી અને જાગૃતિના શપથ લેવડાવી રહ્યા છે, સાથે જ સૌનું સ્વાસ્થ્ય સલામત રહે એની કાળજી પણ લઈ રહ્યા છે. બાકીના પાંચ દિવસ પણ આજ રીતે લોકસેવા અને લોકજાગૃતિના પંથે અગ્રેસર રહેશે.



## જોઈએ છે


### કમલમ દૈનિક

### રાજકોટ માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર
ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર કમલમ દૈનિક તેમજ કમલમ મેગેઝિન













રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

www.kamalamgujarat.com


## વેસ્ટર્ન રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા પશ્ચિમ રેલ્વે કર્મચારીઓ ના પરિવારો ને આત્મનિર્ભર બનાવવા માટે આપવામાં આવી સિલાઇ મશીનો



કમલમ દૈનિક, પશ્ચિમ રેલ્વે નું મહિલા કલ્યાણ સંગઠન હંમેશાં પશ્ચિમ રેલ્વેની તમામ મહિલા કર્મચારીઓને મદદ કરવા આગળ આવતું રહે છે. પશ્ચિમ રેલ્વે નું મહિલા કલ્યાણ સંગઠન કોરોના વાયરસ રોગચાળાના મુશ્કેલ સમયમાં મહિલા કર્મચારીઓ અને તેમના પરિવારોને મદદ કરી છે અને તેમના પ્રયત્નોની પ્રશંસા કરી છે. પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન ની અધ્યક્ષા શ્રીમતી તનુજા કંસલ એ આ મુશ્કેલ સમયમાં રેલ્વે કર્મચારીઓને જોડવા માટે અનેક વીડિયો કોન્ફરન્સ યોજી હતી અને કર્મચારીઓની સકારાત્મકતાને પ્રોત્સાહન આપ્યું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે, પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી તનુજા કંસલે પશ્ચિમ રેલ્વેના પસંદ કરેલા કર્મચારીઓના પરિવારોને આત્મ નિર્ભર બનાવવા બાપુ દ્વારા અપાયેલી આત્મનિર્ભર ભારતની ભાવનાને સાકાર કરવાનો નિર્ણય કર્યો. આ પહેલ અંતર્ગત પશ્ચિમ રેલ્વેની મહિલા કલ્યાણ સંગઠન દ્વારા પશ્ચિમ રેલ્વેના તમામ ૬ મંડળ ની મહિલાઓને સિલાઈ મશીનોનું વિતરણ કરાયું હતું. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરાયેલ અખબારી યાદી મુજબ પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠનની આ ઉમદા પહેલ આ મહિલાઓને તેમનું સારું કાર્ય ચાલુ રાખવા પ્રેરણા આપશે, જે રોગચાળા દરમિયાન મુશ્કેલ પરિસ્થિતિઓમાં ખૂબ મદદગાર સાબિત થશે. મુંબઈ મંડળ ની શ્રીમતી અનિતા એ.વી., વડોદરા મંડળ ની શ્રીમતી શિલ્પા બેન, અમદાવાદ મંડળ ની શ્રીમતી જિનલબેન એસ. ઠાકોર, રતલામ મંડળ ની શ્રીમતી નિર્મલા વર્મા, રાજકોટ મંડળ ની શ્રીમતી રુચા કુશવાહા અને ભાવનગર મંડળની શ્રીમતી મમતા કુમાર ને આ સિલાઈ મશીન મળ્યા છે. પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન ની અધ્યક્ષા શ્રીમતી તનુજા કંસલે જણાવ્યું હતું કે ભારતને સ્વતંત્ર અને આત્મનિર્ભર દેશ બનાવવાનું મહાત્મા ગાંધીનું સપનું હતું. ઘણા પ્રકાર ની વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિ સાથે, ભારતે પોતાની એક ખાસ ઓળખ બનાવી છે અને તેથી તે એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. "આત્મનિર્ભર ભારત" શબ્દનો ઉપયોગ સૌ પ્રથમ મહાત્મા ગાંધીએ સ્વદેશી આંદોલન દરમિયાન ૧૯૦૫ માં કર્યો હતો અને હાલના સંજોગોમાં આપણા દેશના માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ આ સૂત્ર ને બુલંદ કર્યું છે. શ્રીમતી તનુજા કંસલે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને તેને વૈશ્વિક સ્તરે બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે કૃષિ થી માંડીને અંતરિક્ષ મિશન સુધી ભારતે વિશ્વના દરેક પાસામાં આત્મનિર્ભર બનવાની ધૈર્ય અને કુશળતા દર્શાવી છે. તેમણે એમ પણ કહ્યું કે કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન પણ ભારતે વિવિધ રીતે "આત્મનિર્ભર ભારત" ના આદર્શોને સાકાર કર્યા છે. તેમણે કહ્યું કે આપણે આપણા જીવન અને કાર્યમાં આવા આદર્શો અને મૂલ્યો વિકસાવવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ રેલ્વેની મહિલા કલ્યાણ સંગઠને વર્તમાન દિવસોમાં પશ્ચિમ રેલ્વેની ઘણી મહિલાઓ અને કર્મચારીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે ઘણી મહત્વપૂર્ણ પહેલ કરી છે. આ સીવણ મશીનોની ભેટનો લાભ આ પશ્ચિમી રેલ્વે પરિવારોના સભ્યોના જીવનમાં લાંબું સમય ચાલશે. આ મહિલાઓ પહેલે થી જ સીવણકામ કરવામાં કુશળ છે, પરંતુ આ મુશ્કેલ સમયમાં તેમની કુશળતામાં સુધારો કરવામાં અને તેમના પરિવારને ટેકો આપવા માટે તેમને એક પ્રકારની સહાયતા અને ઉપકરણોની જરૂર હતી.

## તંત્રી સ્થાનેથી......

વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસો જણાતાં વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર.રાવલે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે તેમને મળેલી સત્તાની રૂએ સંબંધિત વિસ્તારમાં એ.પી.સેન્ટર અને કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરી તાત્કાલિક અસરથી તા.૦૯/૧૧/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. જે અનુસાર એ.પી.સેન્ટર તરીકે જાહેર કરાયેલા વિસ્તારોમાં વાપી તાલુકાના બલીઠા, ભંડારવાડ ખાતે આવેલો ફલેટ નં.૩૧૦, ત્રીજો માળ, અન્નપૂર્ણા એ-૧, બિલ્ડિંગ, લાલતી જમતા ગુપ્તા અને ધરમપુર નગરપાલિકા વિસ્તારના રાજ મહેલ રોડ ઉપર આવેલા ફલેટ નં.૧૦૧, પ્રથમ માળ, વિજ?યાલક્ષ્મી એપાર્ટમેન્ટ-બી બિલ્ડિંગ, ગીતાબેન હર્ષદરાય ભટ્ટનો સમાવેશ થાય છે. જ્યારે કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરાયેલા વિસ્તારોમાં વાપી તાલુકાના બલીઠા, ભંડારવાડ ખાતે અન્નપૂર્ણા એ-૧, બિલ્ડિંગના ત્રીજા માળના તમામ ફલેટસ અને ધરમપુર નગરપાલિકા વિસ?તારમાં રાજ મહેલ રોડ ઉપર આવેલા વિજ?યાલક્ષ્મી એપાર્ટમેન?ટ-બી બિલ?ડિંગના પ્રથમ માળના બધા ફલેટસના તમામ હદ વિસ?તારોનો સમાવેશ થાય છે. ઉક્ત તમામ વિસ્તારોને ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. અત્રેના રહેવાસીઓને આવશ?યક ચીજ વસ્તુઓ જે તે નગરપાલિકા અથવા ગ્રામ પંચાયત દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે. સંબંધિત વિસ્તારોના તમામ રહેવાસીઓનું સ્ક્રીનિંગ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે. આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ?યક?તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઈસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ?યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ?યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ?મશાનયાત્રાને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યકતિ ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ?ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ મુજબ સજાને પાત્ર થશે.

# કચ્છ ભાજપના હોદેદારો દ્વારા નખત્રાણા તાલુકામાં જોરશોરથી ચુંટણી પ્રચાર યોજાયો





કમલમ દૈનિક,

અબડાસા વિધાનસભા પેટા ચુંટણી અંતર્ગત ભારતીય જનતા પક્ષના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજાએ જિલ્લા ભાજપ મહામંત્રી વલ્લમજીભાઈ હુંબલ , પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ત્રિકમભાઈ છાંગા , વિધાનસભા બેઠક ઈન્ચાર્જ જયસુખભાઈ પટેલ , નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ નરસીંગાણી સહિતના આગેવાનો સાથે નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવાસ યોજયો હતો . આજ રોજ ઠેર ઠેર ભારતીય જનતા પક્ષના ઉમેદવારની ભારે લોક સમર્થન પ્રાપ્ત થયું હતું . તમામ સમાજ અને તમામ વર્ગના લોકોએ ભાજપના ઉમેદવારને ઉત્સાહભેર આવકાર્યા હતા અને ભવ્ય વિજય પ્રાપ્ત કરવા બદલ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી . ઉપસ્થિત તમામ આગેવાનોએ સ્થાનિક ગ્રામજનો સાથે કેન્દ્ર અને રાજય સરકારોએ સંપન કરેલા અનેકાનેક વિકાસકાર્યો બાબતે છણાવટભરી ચર્ચા કરી હતી . માં કાર્ડ , આયુષ્યમાન ભારત યોજના , ઉજજવલા યોજના , પ્રધાનમંત્રી આવાસ યોજના , પાક ફસલ વિમા યોજના સહિતની સરકારની અનેક મહત્વાકાંક્ષી યોજનાઓ વિશે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા . અબડાસા વિધાનસભા ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે , અબડાસાની જનતાની સુખાકારી અને સલામતીને લક્ષમાં રાખીને વિકાસના મૂળ પ્રવાહમાં જોડવાના આશયથી કોંગ્રેસથી છેડો ફાડીને હું ભાજપમાં જોડાયો છું . દલિતો અને મુસ્લિમોનો કોંગ્રેસે હર હંમેશા પોતાના ફાયદા ખાતર ચુંટણીલક્ષી ઉપયોગ કરીને તરછોડયા છે . જયારે ભારતીય જનતા પક્ષે " સબકા સાથ , સબકા વિકાસ " ના મંત્ર સાથે સમાજના તમામ વર્ગ અને લોકોના ઉત્થાનનું કાર્ય કર્યું છે ત્યારે ફરીથી એક વખત અબડાસાની જનતામાં વિશ્વાસ અને પૂર્ણ શ્રધ્ધા સાથે હું આ ચુંટણીના જંગમાં નિશ્ચિતપણે વિજયી થઈશ . જિલ્લા ભાજપ મહામંત્રી વલ્લમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે , પ્રદ્યુમનસિંહ જાડેજા જયારે કોંગ્રેસમાંથી ચુંટાયા હતા ત્યારે પણ તેમના સમગ્ર કાર્યકાળ દરમ્યાન પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને અબડાસાના હિત અને વિકાસની સતત ચિંતા સેવી હતી . સ્થાનિક શિક્ષણનો પ્રશ્ન હોય કે રોડ - રસ્તા કે આરોગ્ય જેવી માળખાકીય સગવડો બાબતે રજૂઆત હોય પ્રદ્યુમનસિંહે હંમેશા રાજકારણને પર રાખીને અબડાસાની ઉન્નતીને પ્રથમ પ્રાધાન્ય આપ્યું છે . પાછલા કેટલાક વરસોના કારમા દુષ્કાળ વખતે પ્રદ્યુમનસિંહે પોતાની આગવી કોઠાસૂઝથી સરકારમાં વિવિધ સ્તરે રજૂઆત કરીને દુષ્કાળ જેવી આપતી સામે હિંમતભેર સામનો કર્યો હતો . ઉપરોકત પ્રવાસ દરમ્યાન નખત્રાણા તાલુકા ભાજપ મહામંત્રી હરિસિંહ રાઠોડ , આગેવાનો લધારામભાઈ , લાલજીભાઈ રામાણી , રાજુભાઈ પલણ , ચંદનસિંહ રાઠોડ , ધીરજભાઈ પટેલ , વસંતભાઈ વાઘેલા , ખેંગારભાઈ રબારી સહિત સ્થાનિક કાર્યકર્તાઓ , સરપંચશ્રીઓ , સેલ / મોરચાના હોદેદારો ઉપસ્થિત રહયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .

### ૧૮૧-કપરાડા (અ.જ.જા) બેઠકની પેટા ચૂંટણી-૨૦૨૦

# ચૂંટણી મીડિયા સેન્ટરની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટરશ્રી આર.આર.રાવલ





## વલસાડ જિલ્લા વિધાનસભાની પેટા ચૂંટણી માટે મીડિયા સેન્ટર શરૂ

કમલમ દૈનિક, વલસાડ

ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીઓ અન્વયે વલસાડ જિલ્લાની ૧૮૧-કપરાડા (અ.જ.જા.) મતવિસ્તાર માટે તા.૩/૧૧/૨૦૨૦ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી દરમિયાન ચૂંટણીલક્ષી તમામ માહિતી એકજ સ્થળેથી મળી રહે તેમજ ચૂંટણી અંગેની રોજ બરોજની માહિતી પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મીડીયાને મળી રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીના નેજા હેઠળ જિલ્લા માહિતી કચેરી, વલસાડ ખાતે મીડિયા સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. જેની જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી આર.આર.રાવલે મુલાકાત લીધી હતી.આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ મીડિયા સેન્ટરમાં મૂકવામાં આવેલી ૧૮૧-કપરાડા વિધાનસભાના મતદારોની સંખ્યા તેમજ જિલ્લા ચૂંટણીતંત્ર તથા રાજયના ચૂંટણીપંચ સહિત અન્ય આંકડાકીય વિગતો સાથે અદ્યતન તૈયાર કરવામાં આવેલી માહિતી નિહાળી સંતોષ વ્યકત કર્યો હતો. વધુમાં તેમણે સમયાંતરે આ વિગતો અપડેટ કરતા રહેવા પણ સુચનો કર્યા હતાં.આ મીડિયા સેન્ટર ખાતે ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓના નામ અને ફોન નંબર સહિતની માહિતી પણ દર્શાવવામાં આવી છે. આ વેળાએ મીડિયા નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામકશ્રી એ.એસ.બારોટ, અધિક્ષક જે.એસ.ખરાડી, ઈ.ચા. સીનિયર સબ એડિટર પ્રફુલ પટેલ, ઈ.ચા. માહિતી મદદનીશ મહેશ પટેલ સહિત માહિતી કચેરીનો સ?ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

## જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન અને સહિયરે માલપુર માં કોરોના વોરિયર્સને મોમેન્ટો આપી સન્માનીત કર્યા





કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં કૉરોનાની મહામારીમાં પોતાની તેમજ પરિવારની ચિંતા કર્યા વિના કામ કરતા કૉરોના વૉરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું જાયન્ટ્સ ગૃપ માલપુર અને જાયન્ટ્સ સહિયર દ્વારા માલપુર ગોધરા હાઈવે પર આવેલા રક્ષેશ્વર મહાદેવ મંદિરખાતે કૉરોના વાઈરસના સન્માનનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો, જેમાં ડૉક્ટર્સ, નર્સ, એમ્બ્યુલન્સ કર્મચારીઓ, સામાજિક કાર્યકરો તેમજ પત્રકારોને મૉમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા. રક્ષેશ્વર મહાદેવ મંદિરના હૉલ ખાતે આયોજિત કાર્યક્રમમાં જાયન્ટ્સ માલપુરના પ્રમુખ રમેશ સોની, જાયન્ટ્સ ઝોન એકના જાયરેક્ટર વિઠ્ઠલભાઈ પટેલ, ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, હાલાજી વણઝારા,રમણભાઈ પટેલ,અતુલ સુથાર, ચંદ્રેશ ભાટિયા સહિયરના પ્રીતિબેન સોની,દક્ષાબા,ઉર્વશીબેન ભાટિયા,ઝોન પ્રમુખ અને ,જાયન્ટસ મોડાસાના પ્રમુખ નરેન્દ્ર પટેલ,મંત્રી માલપુર-મોડાસા જાયન્ટ્સ પરિવારના સદસ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લૉક ડાઉનના અમલ તેમજ છલ્લા છ મહિનાથી કૉરોના વૉરિયર્સ તરીકે કામ કરતા લોકોને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમનું આયોજન જાયન્ટ્સ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી સાથે કૃષિક્રાંતિના મંડાણ મહુવા તાલુકાના ૬૫ ખેડુતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

### માર્કેટમાં અન્યના ભીંડા રૂ.૫૦ ના મણના ત્યારે મારા ભીંડા કિલોના રૂ.૫૦ ના વેચાયા હતા. પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત પ્રકાશભાઈ પટેલ



કમલમ દૈનિક, સુરત

ગાંધીજીની સ્વરાજની કલ્પના ગાય અને ગ્રામ આધારિત હતી. ભારતીય દેશી ગાયની માનવજીવનમાં ઉપયોગિતા વિશે વેદ-પુરાણો, ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખો છે. ભારતીય સંસ્કૃતિમાં લોકો પરંપરાગત રીતે પ્રકૃતિ તેમજ ગૌમાતાને પૂજતા આવ્યાં છે. પુરાતનકાળમાં થતી ગૌઆધારિત ખેતી આધુનિક યુગમાં પણ મૂર્તિમંત થઈ રહી છે. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ૬૫ જેટલા ખેડુતોએ રાસાયણિક ખાતરોનો ત્યાગ કરીને સુભાષ પાલેકર પ્રેરિત ગાય આધારિત ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતી અપનાવીને ખેતી કરવાનો પ્રારંભ કર્યો છે. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સરાહનીય પ્રયાસોના પરિણામે દક્ષિણ ગુજરાતના ખેડૂતોનો ધીરે ધીરે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. જેના સારા પરિણામો મળી રહ્યાં છે. ગૌઆધારિત પ્રાકૃતિક ખેતી થકી આમજનતાની રોગપ્રતિકારક શકિત વધારવાની સાથે કલાઈમેન્ટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. તંદુરસ્ત ધરતી અને તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણમાં પ્રાકૃતિક ખેતી રામબાણ ઈલાજ છે. આજના આધુનિક યુગની ખેતીમાં ખાતર અને પાણીનો બેફામ ઉપયોગ કરવાના કારણે ધીમે ધીમે જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થતો જાય છે. ઝેરયુકત પેસ્ટીસાઈડઝના ઉપયોગથી કેન્સર, ડાયાબિટીસ જેવા ઘાતક રોગોનું પ્રમાણ પણ વધ્યું છે. તેવા સમયે ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતી કરીને શુધ્ધ અને સ્વાસ્થ્યવર્ધક પાકનું ઉત્પાદન લઈ શકાય છે. રાસાયણિક ખાતરો અને દવા મોંઘી અને સરવાળે હાનિકારક છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં વધુ ઉત્પાદન મેળવવા માટે જૈવિક ખાતરો અને જીવામૃત્ત ઘરે બનાવવા બહુ જ સરળ છે. મહુવા તાલુકાના વડીયા ગામના બરડી ફળીયાના આદિવાસી ખેડુત પ્રકાશભાઈ ચંદુભાઈ પટેલે એક વર્ષ પહેલા વડતાલ ખાતે સુભાષ પાલેકરની દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે સાત દિવસની રાજયકક્ષાની તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. પ્રકાશભાઈ જણાવે છે કે, ’તાલીમ બાદ મનમાં એક સંકલ્પ કર્યો કે, હવે પ્રાકૃતિક ખેતી કરવી જ છે. ઘરે આવીને શરૂઆતમાં જીવામૃત બનાવવા માટે ગામની નજીકમાં આવેલી ગૌશાળામાંથી દેશી ગાયના છાણીયા ખાતર, ગૌમુત્ર લાવીને જીવામૃત બનાવ્યું અને શેરડીના પાકમાં તેનો ઉપયોગ શરૂ કર્યો. સારો ફાયદો જણાતા બે ગીર નસ્લની વાછરડીઓ ખરીદી કરીને ઘરે જ જીવામૃત, બીજામૃત, દશપર્ણીઅંક જેવી દવાઓ જાતે જ બનાવીને પાકમાં છંટકાવ કરૂ છું. પ્રાકૃતિક ખેતીએ ટૂંકા ગાળામાં સારો એવો નફો આપ્યો હોવાનું જણાવતાં તેઓ ઉમેરે છે કે, મારી પાસે ચારેક વિઘા જમીન હોવાથી ભીંડો, રીંગણ જેવા શાકભાજી પાકો તથા ડાંગર, શેરડી જેવા રોકડીયા પાકો લઉ છુ. જાન્યુઆરી મહિનામાં ભીંડાનું વાવેતર કર્યુ હતું. કોઈ પણ પ્રકારના પેસ્ટીસાઈડઝનો ઉપયોગ કર્યા વિના માત્ર પ્રાકૃતિક દવાઓ દ્વારા ભીંડા પકવ્યા. ત્યારે ભીંડા રૂ.૫૦ના કિલોનો ભાવ ઉપજતો હતો. અન્ય ભીંડા માર્કેટમાં રૂ.૫૦ મણના ભાવે વેચાતા. મારા ખેતરમાં ઉગાડેલા ભીંડા અઠવાડિયાં સુધી બગડતા નથી. એક વાર ચાખ્યા બાદ એના મીઠા સ્વાદનું વળગણ થઈ જાય છે.તેમણે વધુમાં જણાવ્યું કે, ’આત્મા પ્રોજેકટ’ના સહયોગથી મહુવા તાલુકા પંચાયત ભવન ખાતે સ્ટોલ શરૂ કરીને ભીંડાનું વેચાણ શરૂ કર્યુ હતું. જેમાં સારો એવો ભાવ મળ્યો હતો. ખેતીમાં રાસાયણિક ખેતી દ્વારા ૫૦ થી ૬૦ ટકા ખર્ચ થતો હતો તે ખર્ચ આજે પ્રાકૃતિક ખેતી અપનાવતા ઘટીને ૧૦ થી ૨૦ ટકા જેટલો થયો છે, અને હવે શૂન્ય ટકા ખેતી ખર્ચ તરફ અમે આગળ વધી રહ્યા છીએ. તાજેતરમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે ગાય માટે મહિને રૂ.૯૦૦નો નિભાવ ખર્ચ આપવાની યોજના અમલી બનાવી છે, જે બદલ પ્રકાશભાઈએ સરકારને અભિનંદન પાઠવ્યા હતા. વડીયા ગામના ખેડુત સંજયભાઈ ગામીત જણાવે છે કે, મારા પરમમિત્ર પ્રકાશભાઈની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એક ગીર ગાય લાવી પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી છે. જેનો ઘણો જ ફાયદો થયો છે. મારી ખેતીમાં મંડપવાળા પરવળનું વાવેતર કર્યુ છે, જેમાં અગાઉની સરખામણીમાં નિંદામણનું પ્રમાણ ખૂબ ઓછુ રહે છે. જીવામૃત બનાવીને નિયમિત ડાંગર તથા અન્ય પાકોમાં છંટકાવ કરૂ છું. આ ખેતીથી ખેતી ખર્ચમાં ઘટાડાની સાથે જમીનની ફળદ્રુપતામાં વધારો થયો છે. અળસિયાની સાથે મિત્ર કિટકો, મધમાખી ખેતરમાં આવતા થયા છે. આજે અમો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન લેતા થયા છીએ.વધુમાં તેઓ કહે છે કે, અમને ગર્વ છે કે, અમે ઉત્પાદિત કરતા શાકભાજી, અનાજ શુધ્ધ અને સાત્વિક છે. જેનાથી અમારા સંતાનોની સાથે અન્યને લોકોને સારો ખોરાક ખવરાવી રહ્યા છીએ. આમ નાની શરૂઆત આગામી સમયમાં નવી પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નવી ક્રાંતિના મંડાણ કરે તો નવાઈ નહી. આત્મા પ્રોજેકટના મહુવા તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજરશ્રી દેવેન્દ્ર શર્મા જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી થકી પર્યાવરણના જતન અને સંવર્ધનની સાથે ઝીરો બજેટની ખેતીનું આકર્ષણ વધ્યું છે. મહુવા તાલુકામાં બે કો-ઓર્ડિનેટર બનાવીને છેલ્લા એક વર્ષમાં તાલુકાના એક હજાર ખેડુતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે. જે પૈકી અંદાજે ૬૫ ખેડુતો આ ખેતી તરફ વળ્યા છે. તેમજ ૪૭૫ ખેડુતોએ ખેતી કરવાની તૈયારી દર્શાવી છે. લોકો દેશી ગાય લાવીને એક થી બે એકરમાં ખેતી અપનાવી રહ્યા છે. જે જમીનો પહેલા એટલી કઠણ હતી કે જેમાં હળ ચલાવતી વખતે મુશ્કેલીઓ પડતી હતી, પણ આ ખેતી અપનાવ્યા બાદ જમીન મુલાયમ અને ફળદ્રુપ બની છે. તેઓ જણાવે કે, ખેડુતો આ ખેતીની શરૂઆત કરે તો પ્રયોગાત્મક રીતે થોડી જમીનમાં કરે, કારણ કે જીવામૃત જાતે તૈયાર કરવાના હોય છે. આગામી સમયમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોનું એક ગૃપ બનાવી તેના ઉત્પાદનો શહેરો સુધી પહોચે તેવુ આયોજન કરવામાં આવશે. કોઈ પણ ખેડુતોને તાલીમ મેળવવી હોય તો અમે ઘરઆંગણે તેમના ગામ સુધી આવીને તાલીમ આપીએ છીએ. રાજ્યના ખેડૂતોની આવક બમણી કરવાના હેતુસર અને ખેડૂતો દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ આરંભી છે, ત્યારે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપતી આ ખેત પદ્ધતિ કિસાનો માટે ટકાઉ ખેતીનો શ્રેષ્ઠ વિકલ્પ બની રહેશે.

# કોડીનારના સાંઢણીધાર ગામે નાબાર્ડ દ્વારા વર્કશોપ યોજાયો




કમલમ દૈનિક, ગીર સોમનાથ

કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામે નાબાર્ડ દ્વારા પ્રશિક્ષક અને સ્વ-સહાય જૂથના સભ્ય માટે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં નાબાર્ડ ડીડીએમ શ્રી કિરણ રાઉત, શ્રી સોરથ મહિલા વિકાસ સહકારી સમિતિના શ્રીમતી મોતીબેન, કોડીનાર તાલુકા સહકારી બેંકિંગ સંઘ મર્યાદિત શ્રી રધુભાઈ ચાવડા, બરોડા બેંકના શ્રી અમોલ ભોસલે અને તાલુકા પંચાયતના શ્રી કે વી ગોહિલે માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમા ૮૦ સ્વ-સહાય જૂથની બહેનોએ ભાગ લીધો હતો. વર્કશોપમાં આત્મનિર્ભર યોજના, ઈશક્તિ, પંચસૂત્ર વિશેષ માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપનું આયોજન પ્રથામિક શાળામાં કરવામાં આવ્યું હતું.

# મોટીકયાર અને ચુથાનામુવાડા ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પ



**આ બંને રક્તદાન કેમ્પમાં ૯૫ રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરી રક્તદાન–મહાદાન મંત્રને સાર્થક કર્યો**

કમલમ દૈનિક, લુણાવાડા

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર શ્રી આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એસ. બી. શાહની રાહબરીમાં ખેડાપા પ્રાથમિક આરો?ય કેન્?દ્રના મોટીકયાર હેલ્?થ એન્?ડ વેલનેસ કેન્દ્ર ખાતે ડૉ. વિજય ડામોર અને સીએચઓ આશિકાબેન પટેલ તથા સંતરામપુર તાલુકાના ચુથાનામુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડૉ. રાજ સમીરભાઈ ચૌધરી અને ડૉ. શહેનાઝ તથા તેમની આરોગ્ય ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે તા. ૮મી અને તા. ૧૩મીના રોજ રક્તદાન કેમ્પ યોજાઈ ગયા. આ રકતદાન કેમ્પમાં મેડીકલ ઓફિસર ડૉ. દેવેન્દ્ર શાહે પણ રકતદાન કરી રકતદાતાઓને પ્રેરણા પૂરી પાડી હતી.

મોટીકયાર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૩૨ અને ચુથાનામુવાડા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૬૩ રકતદાતાઓ મળીને કુલ ૯૫ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રક્તદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.આ રક્તદાન કેમ્પમાં રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર શ્રી બિરેન્દ્રસીંગે રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્?યા હતા. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આ બંને કેમપમાં ૯૫ રકતદાતાઓએ રકતદાન કરવાની સાથે જિલ્?લામાં મે-૨૦૨૦ થી તા. ૧૩મી ઓકટોબર, ૨૦૨૦ સુધી યોજાયેલા ૨૮ રકતદાન કેમ્પમાં ૧૩૭૦ રકતદાતાઓએ કોરોનાની મહામારીના સમય વચ્ચે પણ રકતદાન કરીને રકતદાનની ઉપયોગીતા અને જરૂરિયાતને સાર્થક કરી છે.

# કોરોના સામે તમામ સાવચેતીઓનું પાલન કરવાના શપથ લેતા જિલ્લા સેવા સદનના કર્મયોગીઓ



**કલેક્ટરશ્રીએ કોરોના સામેના અભિયાનમાં લોકજાગૃતિના મહતકાર્યમાં જોડાવા કર્મયોગીઓને આહ્વાન કર્યું**

કમલમ દૈનિક, દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે આવેલી વિવિધ કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ આજ રોજ કલેક્ટર શ્રી વિજય ખરાડીની આંગેવાનીમાં કોરોના સામે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે શપથ ગ્રહણ કરી ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલાં જનઆંદોલન પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સૌ કર્મયોગીઓએ માસ્ક પહેરવા, ૬ ફૂટનું અંતર જાળવવા, સાબુ અને સેનિટાઈઝેશનનો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત પોતાના સ્વજનોની રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવવા અને યોગ-વ્યાયામ ઈત્યાદિ જીવનશૈલીનો ભાગ બનાવવાના શપથ લીધા હતા. સૌ કર્મયોગીઓએ પરિવાર, વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું કે, અત્યારે કોરોના સામે કોઇ વેક્સિન મળી નથી ત્યારે આપણી પાસે સામાજિક અંતર-માસ્ક-સેનેટાઈઝરના એસએમએસના મંત્રનું પાલન જ સૌથી અસરકારક નીતિ છે. કોરોના સામેના આ અભિયાનમાં સરકારી કર્મચારી તરીકે આપણી વિશેષ જવાબદારી બને છે. આપણે સરકારી કચેરી ખાતે સરકારે જાહેર કરેલા નિયમોનું ચુસ્ત પાલન કરવું અનિવાર્ય છે. આપણે અંગત રીતે પણ કોરોના બાબતે લોકોને જાગૃત કરવાનું કામ કરવું જોઈએ. આ માટે સોશિયલ મિડિયાનો પણ ઉપયોગ કરી શકાય. કોરોના સામે જેટલી સાવચેતી રાખીશું એટલા જ સુરક્ષિત-સ્વસ્થ રહીશું. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી એમ.જે. દવે, એ.એસ.પી.સુશ્રી શૈફાલી બારવાલ સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



દેવગઢ બારિયા તાલુકાના ડાગરીયા ગામમાં ના ખેતરમાં થી બારીયા વનવિભાગ ના સ્ટાફ ના માર્ગ દર્શન હેથળ અને કિંગ ઓફ રાજમહેલ સ્નેક રેસ્કયુ ટીમ દ્વારા અંદાજે ૧૪ ફુટ લાંબો અને ૩૦ કિલોગ્રામ વજન ધરાવતા વિશાળકાય અજાગર સફળતા પુર્વક રેસક્યુ કરવામાં આવ્યું હતું .જે વનવિભાગ ની ઉપસ્થિતિ માં ઉચવણ ગામનાં જંગલમાં સફળતા પુર્વક છોડવા મા આવ્યો હતો(કમલમ દૈનિક, )

## ઉડવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ભાવનગર તાલુકા પંચાયત પ્રમુખશ્રી દ્વારા આવશ્યક દવાઓનુ અનુદાન કરાયુ



કમલમ દૈનિક, ભાવનગર

તાલુકા પંચાયત ભાવનગરના પ્રમુખ શ્રીમતી બચુબેન રઘુભાઇ ગોહિલે પોતાને મળતી વિકાસની ગ્રાન્ટમાથી કોરોનાના સમયમાં અતિ ઉપયોગી માતા, વૃદ્ધો અને બાળકોને ઉપયોગી અને રાજય સરકારમાથી ન મળતી હોય તેવી ખુબજ જરૂરી વિટામિન સી, પ્રોટીન પાવડર, વિટાલ ઝેડ પાવડર, બી.પી., ડાયાબિટીસ, સ્કીનની ટ્યુબો, કાન-આખના ટીપાં વગેરે રૂ.૨૫,૦૦૦/- ની દવાઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.કોષાબેન એમ.રાવલને ફાળવી હતી. આ દવાનું કારોબારી ચેરમેન શ્રી રાજેશભાઇ ફાળકી, એ.પી.એમ.સી.ચેરમેન નારૂભાઇ ખમળ, ભાજપ તાલુકા પ્રમુખ શ્રી જીતુભાઇ પરમાર,તાલુકા પંચાયતના સભ્ય શ્રી મહેન્દ્રસિંહ ગોહિલ, ઉડવી ગામના સરપંચ શ્રી રામભાઇ સાંગા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.સુનીલભાઇ પટેલના વરદ હસ્તે સગર્ભા માતાઓને વિતરણ કરવામાં આવેલ હતું. આરોગ્ય કેન્દ્રમાં આ પ્રસંગે ૩૭ સગર્ભા માતાઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવેલ તેમજ બાળ ઉછેર અને આરોગ્ય સંભાળ અંગે ડો.સુનીલભાઇ પટેલ, ડો.કોષા એમ.રાવલ અને ડો.મનીષા જી.માંગુકીયા દ્વારા વિસ્તૃત આરોગ્ય શિક્ષણ આપ્યું હતું. તેમ મેડિકલ ઓફિસરશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉડવી દ્વારા જણાવાયુ હતુ.

# ઝાલોદ નગરપાલીકાના કાઉન્સિલર શ્રી હિરેનભાઇ કનુભાઇ પટેલ નાઓના શંકાસ્પદ અકસ્માતના મોતનો ભેદ ઉકેલી ચાર આરોપીઓને પકડી પાડી પ્લાનીગ પૂર્વકના મર્ડરના ગુન્હાનો ભેદ ગણતરીના દિવસોમા ઉકેલવામા દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળેલ સફળતા










કમલમ દૈનિક,

તા.૨૭/૦૯/૨૦૨૦ ના કલાક.૦૫/૩૦ વાગ્યાથી કલાક ૦૬/૪૫ દરમ્યાન મોજે.ટીંટોડી આશ્રમની સામે ઝાલોદથી દાહોદ જતા રોડ ઉપર હિરેનભાઈ કનુભાઈ જાતે પટેલ ઉ.વ/૪૮ નાઓ વોકીંગ કરવા નીકળેલ તે વખતે કોઈકે રાજકીય અદાવત રાખી અથવા કોઈ વાહનથી ઈરાદાપુર્વક ટકકર મારીને માથાના પાછળના ભાગે ઈજા થવાથી મોત નીપજાવતા જે બાબતે શ્રીપંથકુમાર હિરેનભાઈ જાતે પટેલ રહે.ઝાલોદ નાઓએ જાહેરાત આપતા ઝાલોદ પો.સ્ટે અ.મોત.નં.૧૮/૨૦૨૦ સી.આર.પી.સી. કલમ.૧૭૪ મુજબ નોધી આ શંકાસ્પદના મોતની તટસ્થ તપાસ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી દાહોદનાઓએ તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ઝાલોદ વિભાગ ઝાલોદ નાઓને સોપવા હુકમ કરેલ.

આ શંકાસ્પદ અકસ્માત મોતની ગંભીરતા સમજી મે નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી એમ.એસ.ભરાડા સાહેબ,પંચમહાલ,ગોધરા રેન્જ ગોધરાનાઓ તથા પોલીસ અધિક્ષકશ્રી હિતેષ જોયસર સાહેબ નાઓએ બનાવવાળી જગ્યાની વિઝીટ કરી બનાવનું સાચું કારણ બહાર લાવવા તેમજ સઘળા પુરાવા એકત્રીત કરવા દાહોદ એ.એસ.પી.શ્રી સૈફાલી બરવાલ, ડી.વાય એસ.પી.શ્રી બી.વી. જાધવ, એલ.સી.બી.પી.આઈ શ્રી બી.ડી.શાહ, સાઈબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એચ.એન.પટેલ તેમજ એસ.ઓ.જી.પી.આઈ બી.આર. સંગાડા , પો.સ.ઈ.શ્રી પી.એમ.મકવાણા તથા પો.સ.ઈ.શ્રી આઈ એ.સીસોદીયા, નાઓની ટીમની રચના કરવામા આવેલ આ બનાવ શોધી કાઢવા સારૂ આ ટીમો સી.સી.ટી.વી કેમેરાના માધ્યમથી સતત કાર્યરત હતી જેનું સતત મોનીટરીંગ પોલીસ અધિક્ષકશ્રી દાહોદનાઓ કરી રહેલ હતા દરમ્યાન ઝાલોદ, દાહોદ રોડ ઉપર બનાવવાળી જગ્યા નજીક આવેલ પેટ્રોલ પમ્પ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ ઝીણવણ ભરી રીતે અભ્યાસ કરતા જોવા મળેલ કે બનાવ પહેલા એક સફેદ કલરની બોલેરો જીપ ગાડીની હીલચાલ શંકાસ્પદ જણાઈ આવેલ જે ગાડી ત્રણ વખત સી.સી.ટી.વી ફુટેજમા અવર જવર થયેલાની હાજરી પ્રસ્થાપિત થયેલ તેમજ તેની આગળ આવેલ સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા મૃતકશ્રી હિરેનભાઈ પટેલનાઓ મોર્નીંગ વૉકમા ચાલતા જતા જણાઈ આવેલ તેઓની પાછળ ૫૦ મીટર દૂર અન્ય એક ઈસમ પણ ચાલતો મોર્નિંગ વૉકમા જણાઈ આવેલ જે ઈસમને શોધી કાઢી તેની પૂછપરછ કરતા મૃતક હિરનેભાઈને સફેદ કલરની બોલેરો પીકઅપ ડાલા ગાડીથી પાછળથી ટક્કર મારી નાસી ગયેલાની હકિકત જાણવા મળેલ, જે બોલેરો પીકઅપ ડાલા ગાડી સી.સી.ટી.વી.કેમેરામા રૂટમા આવેલ અને સી.સી.ટી.વી કેમેરાના ટાઈમીંગ સાથે મેચ થયેલાનું જણાયેલ જેથી મૃતકનું મોત બોલેરો પીકઅપ ડાલા ગાડીથી ટક્કર મારવાથી થયેલાનું પ્રસ્થાપિત થયેલ જેથી આ ટીમોએ એમ.પી, રાજસ્થાન તરફથી પ્રવેશતા ટોલટેક્ષ ઉપર બોલેરો ગાડી તેમજ મહીન્દ્રા પીકઅપ ડાલા ગાડીની માહિતી મેળવવા તપાસ હાથ ધરેલ જેથી પોલીસ અધિક્ષકશ્રી દાહોદનાઓની સુચના આધારે રાજસ્થાન રાજયમા આવેલ બાંસવાડા,જયપુર ,ડુંગરપુર, તેમજ મધ્યપ્રદેશમા રતલામ થાંદલા,કુક્ષી ,ઉજ્જૈન ,ઈન્દૌર વિગેરે શહેરોમા અકસ્માતમા ઉપયોગ થયેલ શંકાસ્પદ વાહનો તેમજ ઈસમોની તપાસ કરવામા આવેલ આ બનાવ બાબતે મે.ડી.જી.પી.સા.ગુ.રા. ગાંધીનગરનાઓએ અંગત રસ લઈ સતત સુચના અને માર્ગદર્શન પુરૂ પાડેલ અને આ બનાવ શોધી કાઢવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમોને પણ દાહોદ પોલીસ સાથે મદદમા મોકલી આપેલ તેમજ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી પંચમહાલ ગોધરા રેન્જનાઓની સુચના મુજબ ગોધરા એલ.સી.બી.ટીમ પણ આ તપાસમા ભેદ ઉકેલવા માટે હયુમન ઈન્ટેલીજન્સના માધ્યમથી સહકાર પુરૂ પાડેલ આ ટીમોએ શંકાસ્પદ સફેદ કલરની બોલેરો ગાડીની તેમજ મહિન્દ્રા પીકઅપ ડાલા ગાડીની માહિતી મેળવવા દાહોદ લીમડી વરોડ ટોલટેક્ષ ઉપર બનાવના દિવસે તપાસ કરતા શંકાસ્પદ બોલેરો ગાડી દાહોદ તરફથી ઝાલોદ તરફ પસાર થયેલ જે ગાડી ઉપર ખાનગી લાઈટો ફીટ કરેલાનું જણાઈ આવેલ જે ગાડી બનાવ બાદ પરત તે જ ટોલટેક્ષ ઉપરથી પસાર થયેલાનું સી.સી.ટી.વી.ફુટેજમા જણાઈ આવેલ જેનો નં **MP.09 CK.4981** નો પ્રસ્થાપિત થયેલઆ શંકાસ્પદ બોલેરો ગાડી ના માલીક સુધી પહોચવા તાત્કાલીક એલ.સી.બી.,પેરોલ ફર્લોની ટીમોએ મધ્યપ્રદેશ ઉજ્જૈન જીલ્લાના મહેદપુર ગામે થી વાહન માલીકને શોધી કાઢેલ જેઓની પૂછપરછમા પોતાની બોલેરો ગાડી બનાવના દિવસ પહેલા અમદાવાદ ખાતે દવાખાનાની વર્ધીમા ડ્રાઈવર મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.)નાઓ લઈ ગયેલ તેવી હકિકત જણાવતા ડ્રાઈવરને ઝડપી પાડી તેની પુછપરછમા સમગ્ર બનાવનો પર્દાફાશ થયેલ અને એલ.સી.બી.ની ટીમો ધ્વારા એમ.પી.ખાતેથી આ બનાવમા અંજામ આપનાર આરોપીઓને વાહનો સાથે ઝડપી પાડવામા આવેલ. અને આ અકસ્માત મોતની તપાસમા આરોપીઓએ કાવતરૂ રચી સોપારી લઈ મૃતક હિરેનભાઈ પટેલને બોલેરો પીકઅપ ગાડીથી ટક્કર મારી મોત નિપજાવી મર્ડર કરેલાનું જાહેર થતા આ બાબતે નાયબ પોલીસ અધિક્ષકશ્રી ઝાલોદ વિભાગ ઝાલોદ નાઓએ સરકાર તરફે આરોપીઓ વિરુધ્ધ ઝાલોદ પો.સ્ટે. ઈ.પી.કો કલમ ૩૦૨,૧૨૦બી મુજબ ગુનો રજીસ્ટર કરાવેલ છે.

પકડાયેલ આરોપીઓના નામોઃ-

(૧)મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.) (૨)સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે. શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) (૩) ઈરફાનભાઈ સીરાજભાઈ પાડા રહે.ગોધરા (૪) અજય હિંમત કલાલ રહે.ઝાલોદ

કબજે કરેલ મુદામાલઃ- ગુનામા રેકી કરવામા ઉપયોગમા લીધેલ વાહનો

(૧) બોલેરો ગાડી નં.- એમ.પી.૦૯ સી.કે. ૪૯૮૧

(૨) ફોર્ડ ફીગો ગાડી નં- જી.જે. ૦૬ એફ.કે. ૪૫૬૮ ,

(૩) મોબાઈલ ફોનો નંગ- ૬

કબુલાત કરેલ ગુનોઃ-

આ ગુનાનો મખ્ય સુત્રધાર ઈરફાન સીરાજ પાડા રહે.ગોધરાનાઓએ મૃતક હિરેન પટેલ નાઓનું મર્ડર કરવા માટે અજય હિંમત કલાલ રહે.ઝાલોદ પાસેથી સોપારી લીધેલ અને ઈરફાન પાડાએ તેના એમ.પી.,ઉજજૈન જીલ્લાના મહેદપુર ગામના સાગરીતોનો સંપર્ક કરી કાવતરૂ રચી તેઓને રૂ.૪ લાખ આપવાના નક્કી કરી બનાવના દિવસે વહેલી સવારના એમ.પી. ખાતેથી આવી મૃતક ના ઘરની તેમજ મોર્નીંગ વૉક ઉપર નિકળતા રોડની બોલેરો ગાડીમા બેસી રેકી કરાવી મૃતકના ફોટાને મોબાઈલમા બતાવી ઓળખ કરાવેલી અને આ ગુનામા બોલેરો ગાડીથી સતત રોડ ઉપર મૃતકની વોચ ગોઠવેલ અને હિરેનભાઈ પટેલ રોડ ઉપર મોનિંગ વૉકમા નિકળેલ દરમ્યાન ઈરફાન પાડાએ તેઓને દૂરથી બતાવી ઓળખ કરાવેલી ત્યારબાદ બોલેરો ગાડીની પાછળ ઉભી રાખેલ બોલેરો પીકઅપ ગાડીમા બેસી જઈ તેના સાગરીત મારફતે બોલેરો પીકઅપ ગાડીથી મૃતક શ્રીને પાછળથી ટક્કર મારી માથામા ગંભીર ઈજાઓ પહોચાડી આગળ જઈ પીકઅપ ગાડીમાંથી ઉતરી જઈ બોલેરો ગાડીમા બેસી દાહોદ જઈ તેના સાગરીતોને બોલેરો ગાડી લઈ એમ.પી.તરફ નાસી છૂટવા જણાવેલ અને પોતે દાહોદ ખાતે રેલ્વે સ્ટેશનના પાર્કીંગમા મુકી રાખેલ ફોડ ફીગો ગાડીમા બેસી નાસી છૂટેલાનં જણાઈ આવેલ

આરોપીઓનો ગુનાહીત ઈતિહાસ

(૧) આ ગુનાનો મુખ્ય આરોપી કાવતરૂ રચનાર ઈરફાન સીરાજ પાડા રહે.ગોધરાનાની વિરૂધ્ધમા કુલ-૧૭ ગુન્હાઓ નોધાયેલ છે. તેમજ ગોધરા રેલ્વે હત્યાકાંડ ૨૦૦૨ મા આ આરોપીને આજીવન કેદની સજા ફટકારવામા આવેલી છે. અને છેલ્લા એક વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર છે.

(૨) આરોપી સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે.શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) નાની વિરૂધ્ધમમા ગુજરાત અને મધ્યપ્રદેશમા ગેરકાયદેસર હથીયારના તેમજ મર્ડર તેમજ લૂંટના કુલ- ૦૫ ગુન્હાઓ નોધાયેલ છે. આ આરોપી જેલ સમય દરમ્યાન તેની સાથેના આરોપી ઈરફાન પાડા સાથે સંપર્કમા આવેલ અને જેલમાંથી છૂટી ગયા બાદ પણ ઈરફાન પાડા સાથે સંપર્ક મા રહી આ કાવતરૂ રચેલ

(૩) અજય હિંમત કલાલ રહે.ઝાલોદ નાનો પાસાના ગુનામા જેલમા હતો તે દરમ્યાન ઈરફાન પાડા સાથે સંપર્કમા આવેલ અને જામીન ઉપર મુકત થયા બાદ ફોનથી સંપર્કમા રહેલ અને દાહોદ અને ઝાલોદ ખાતે ઈરફાન પાડા સાથે મુલાકાત કરી કાવતરૂ રચી, સોપારી આપેલ અને તેની વિરૂધ્ધમા પ્રોહી બિશનના કુલ- ૦૫ થી વધુ ગુન્હા નોધાયેલ છે. આમ,ઝાલોદ નગરપાલીકાના કાઉન્સિલર શ્રી હિરેનભાઈ કનુભાઈ પટેલ નાઓના શંકાસ્પદ અકસ્માતના મોતનો ભેદ ઉકેલી આરોપી ઈરફાન પાડા તથા અન્ય ત્રણને ઝડપી પાડી સોપારી આપનાર આરોપી અજય કલાલને ઝડપી પાડી,મર્ડરના ગુન્હાનો ભેદ ગણતરીના દિવસોમા ઉકેલવામા દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મેળલ છે. વધુમા અજય કલાલની સાથે કોણ કોણ સંડોવાયેલ છે તથા તેની સાથે આ કૃત્ય કરવા કોણ સામેલ હતો તેની ધનિષ્ઠ અને તટસ્થ તપાસ ચાલુ છે.

# મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત પ્રથમ તબક્કાના બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૬૧ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું






કમલમ દૈનિક, લુણાવાડા

રાજયના શિક્ષણ વિભાગ પ્રેરિત મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને જિ?લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા ખાતે સરદાર પટેલ વિદ્યાલય ખાતે બ્લડ ડૉનેશન કેમ્પનું આયોજન રાજયના શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૧૬૧ યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું. જિ?લા કલેકટર શ્રી આર. બી. બારડે આ રકતદાન કેમ?પની મુલાકાત લઈને ઉપસ?થિત શિક્ષકોને પ્રેરણા પૂરી પાડી કોવિડ-૧૯ જનઆંદોલન અભિયાન અંતર્ગત જનજનમાં લોકજાગૃતિ આવે અને કોરોના સંક્રમણને અટકાવવા માટે સમાજના તમામ લોકો માસ?ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઇઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટના અંતરનું પાલન કરે તે માટેનો સંદેશો સમાજના ઘર-ઘર સુધી પહોંચાડવા સુચવ?યું હતું. કોરોના વાયરસ મહામારી સમયે જરૂરિયાતમંદ લોકોને સમયસર રક્ત મળી રહે તેવા ઉદ્દેશથી શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ બ?લડ ડોનેશન કેમ?પનો પ્રારંભ કરાવતાં જિ?લા વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીએ કોરોનાની આ મહામારીના સમયમાં લોકડાઉન અને અનલોક દરમિયાન જિ?લાના શિક્ષકોએ જિ?લાના નાગરિકોના આરોગ?યની સુખાકારી માટે કોરોના વોરિયર્સ બનીને મહત?વની કામગીરી હતી. અને આજે કોરોના વાયરસની મહામારી વચ?ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકતનો પ્રવાહ મળી રહે તે ઉદ્દેશને ધ?યાનમાં રાખીને રકતદાન કરી રહ્યા છે ત?યારે તેમની આ સેવાઓને બિરદાવી હતી.

ગુજરાત આચાર્ય સંઘના પ્રમુખ શ્રી જે. પી. પટેલે કોરોના વાયરસની આ મહામારી વચ?ચે શિક્ષકોએ કરેલ કામગીરીને બિરદાવી શિક્ષણ વિભાગ દ્વારા કોરોના વાયરસની મહામારી વચ?ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકત મળી રહે તે માટે જે રકતદાન કેમ્પોના કરવામાં આવી રહેલ આયોજનની સરાહના કરી હતી. શિક્ષણ વિભાગના ઉપક્રમે હવે આગામી તા. ૧૬/૧૦/૨૦૨૦ના રોજ સંતરામપુર ખાતેની મુરલીધર સ?કૂલ ખાતે અને તા. ૧૯/૧૦/૨૦૨૦ના રોજ લાલસર ખાતે પટેલ સમાજની વાડી ખાતે બ?લડ ડોનેશન કેમ?પ યોજવામાં આવનાર છે. આ બ?લડ ડોનેશન કેમ?પમાં મોટી સંખ?યામાં જિ?લાના શિક્ષકોને ભાગ લેવા બદલ મહીસાગર જિ?લા શિક્ષણ વિભાગ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ?યા હતા. આ બ્લડ ડૉનેશન કેમ્પમાં ઉપસ?થિત રહીને શિક્ષકોને પ્રોત?સાહિત કર્યા હતા. આ રકતદાન કેમ્પમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી વાય.એચ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પી.એન.મોદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રી શશિકાંતભાઇ પટેલ, જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીના શ્રી કે.એમ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના જે.એસ.પટેલ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# વિક્ટોરિયા પાર્ક આવતીકાલથી મુલાકાતીઓ માટે ખુલ્લો મુકાશે





## મુલાકાતીઓએ વન વિભાગ દ્વારા નિયત કરેલ માર્ગદર્શિકાનો અમલ કરવાનો રહેશે

કમલમ દૈનિક, ભાવનગર

કોવિડ-૧૯ની મહામારીના કારણે વિક્ટોરિયા પાર્ક અનામત જંગલ મુલાકાતીઓ માટે બંધ જાહેર કરવામાં આવેલ. તાજેતરમાં મોટાભાગના પાર્ક ખોલવા અંગે માર્ગદર્શિકા જાહેર થયેલ છે. જે અન્વયે વિક્ટોરિયા પાર્કમાં મુલાકાતીઓને નિયત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોના અમલની શરતે સવારે ૬.૦૦ કલાકથી ૮:૩૦ કલાક અને સાંજે ૪:૦૦ કલાકથી ૬:૩૦ કલાક દરમ્યાન પ્રવેશ આપવામાં આવશે. આ અંગે રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ક્ષેત્રીય રેન્જ, ભાવનગરે વધુમાં જણાવ્યું હતું કે જયારે પાર્ક બંધ રાખવામાં આવેલ તે દરમ્યાન થયેલ અવલોકનો મુજબ વન્યજીવોને ખલેલ બંધ થવાના કારણે ખૂબ જ સુંદર વાતાવરણનું નિર્માણ તેમના માટે થયેલ અને વનયજીવો મુકતપણે વિહરતા જોવા મળેલ. ચાલુ વર્ષે વરસાદ પણ ખૂબ જ સારો થવાના કારણે કૃષ્ણ કુંજ તળાવમાં પાણી ભરાયેલ છે. મુલાકાતીઓની ખલેલ ન હોવાના કારણે ખૂબ સરસ હેરોનરી તળાવમાં જોવા મળેલ છે. જે તજજ્ઞોના મતે લગભગ ૧૫ વર્ષ પછી આ પ્રકારનો અદભુત નજારો જોવા મળ્યો છે. આથી જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે શક્ય હોય ત્યા સુધી ઓછામાં ઓછા મુલાકાતીઓ આ પાર્કની મુલાકાતે આવે. બંધ સમયગાળામાં લોકો જોગર્સ પાર્કનો ઉપયોગ કરે છે તે શરૂ રાખે અને વિકટોરિયા પાર્કની મુલાકાત લે ત્યારે યોગ્ય સેનિટાઈઝરનો ઉપયોગ કરી, માસ્ક પહેરી, સામાજિક અંતર જાળવીને મુલાકાત લેવા ભાવનગર વન વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે. પાર્કમાં મુલાકાતીઓએ પાલન કરવાની શરતો, સૂચનો અંગે માર્ગદર્શક બોર્ડ જવેલ્સ સર્કલ ગેટ અને દિલબહાર પણીની ટાંકી પાસેના ગેટ પર મુકવામાં આવેલ છે. જેનું ચુસ્તપણે પાલન કરવા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# કોવિડ-૧૯ના સંક્રમણની શક્યતાઓને ધ્યાને લઈ ઘરમાં જ રહી પોતાના પરિવારજનો સાથે તહેવારોની ઉજવણી કરવા જિલ્લા કલેક્ટરશ્રીની નાગરીકોને અપીલ

## આગામી સમયમાં આવનાર તહેવારોમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જનજાગૃતિ કેળવાય તે માટેના પ્રયાસકરવા મીડિયાના સહયોગની કરી અપીલ





## પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ સાથે કોવિડ-૧૯ જનજાગૃતિ ઝુંબેશ અંતર્ગત બેઠક યોજતાં જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટી

કમલમ દૈનિક, પાટણ

આગામી સમયમાં ઉજવાનાર તહેવારોના સમયમાં જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ વધવાની શક્યતાઓ નિવારવા જનજાગૃતિ કેળવાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટી દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી. જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટીએ જણાવ્યું કે, થોડા દિવસોમાં શરૂ થતા નવરાત્રી તથા ત્યારબાદના દશેરા, દુર્ગા પૂજા, શરદપૂનમ, ઈદ, દિવાળી અને બેસતુ વર્ષ જેવા ઉત્સવોમાં કોરોના વાયરસના સંક્રમણનું જોખમ વધવાની પૂરી સંભાવના છે. આવા સમયે લોકો જાહેર ઉજવણીઓમાં ભાગ લેવાનું ટાળે, ફરજીયાત માસ્કનો ઉપયોગ અને સામાજીક અંતર જાળવે તે માટે જાગૃતિ કેળવાય તે જરૂરી છે. વધુમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, સરકારશ્રી દ્વારા રેલી, મેળા, શોભાયાત્રા અને ગરબા જેવા સામૂહિક કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે જિલ્લા વહિવટી તંત્રની પૂર્વ મંજૂરીથી ગાઈડલાઈન મુજબ કાર્યક્રમ યોજવાની છૂટ છે પરંતુ સંક્રમણની શક્યતાઓને ધ્યાને લઈ નાગરીકો આ વર્ષે તહેવારોની ઉજવણી ઘરમાં જ રહી પોતાના પરિવારજનો સાથે કરે તેવી અપીલ છે.જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કોરોના સંદર્ભે કરવામાં આવી રહેલી કામગીરીની રૂપરેખા રજૂ કરી કલેક્ટરશ્રીએ કોવિડ-૧૯ના સંક્રમણમાં ઘટાડો થાય તે માટે લોકોમાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને હેન્ડ વૉશ બાબતે જાગૃતિ કેળવવા મીડિયાકર્મીઓને અપીલ કરી હતી. કલેક્ટરશ્રીએ મીડિયાના પ્રતિનિધિશ્રીઓ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપ્યા હતા તથા જિલ્લા વહિવટી તંત્રની કામગીરી બાબતે સુચનો આવકારી તેના પર એક્શન લેવા બાંહેધરી આપીહતી.મીડિયાનાપ્રતિનિધિશ્રીઓ સાથે સૌજન્ય મુલાકાત પ્રસંગે વહિવટી તંત્રની કામગીરીને લગતાં જરૂરી સુચનો તથા હકારાત્મક બાબતોને લોકો સુધી પહોંચાડવા પણ કલેક્ટરશ્રીએ પત્રકાર મિત્રોને અનુરોધ કર્યો હતો. અંતમાં બેઠકમાં ઉપસ્થિત તમામ લોકોએ કોરોના વોરિયર તરીકેના શપથ ગ્રહણ કર્યા હતા. આ બેઠકમાં પાટણ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી અમિત ગઢવી તથા માહિતી મદદનીશશ્રી કૌશિક ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

# નવરાત્રીમાં આરતી માટે પણ લેવી પડશે પોલીસની મંજૂરી

## અમદાવાદમાં નવરાત્રીને લઈને પોલીસની મહત્વની સ્પષ્ટતા

કમલમ દૈનિક, અમદાવાદ,

અમદાવાદમાં પોલીસે નવરાત્રી મુદ્દે મોટી સ્પર્ધા કરી છે. સરકારે ૨૦૦ લોકો ભેગા કરવાની મંજૂરી આપી છે પણ શરતી. પોલીસ પણ આ મુદ્દે કટીબધ્ધ છે. અમદાવાદમાં નવરાત્રીને લઈને પોલીસની સ્પષ્ટતા સામે આવી છે. નવરાત્રીમાં આરતી માટે પણ પોલીસની મંજૂરી લેવી પડશે. આરતી વખતે પણ લોકો વચ્ચે ૬ ફૂટનું અંતર રાખવું જોઈએ.

પ્લોટની ક્ષમતા પ્રમાણે જ માણસો ભેગા કરી શકાશે. સરકારે ૨૦૦ લોકો ભેગા કરવાની મંજૂરી આપી છે. આયોજન માટેનો પ્લોટ નાનો હશે તો ૨૦૦ લોકો ભેગા નહી કરી શકાય. કન્ટેઈનમેન્ટ ઝોનમાં આરતી માટે પોલીસની મંજૂરી નહી મળે. મંજૂરી વિના આયોજન કરવા પર ગુનો દાખલ કરવામાં આવશે.

# ગુજરાતના ગાંધીનગરમાં નેશનલ ઓથોરિટીનું કાર્યાલય શરૂ કરવામાં આવશે

કમલમ દૈનિક,

કેન્દ્ર સરકારે શિપિંગના ડાયરેક્ટર જનરલને શિપ્સના રિસાયક્લિંગ અંગેના અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૩ હેઠળ સર્વોચ્ચ રાષ્ટ્રીય સત્તા તરીકે જાહેર કર્યા છે. એક સર્વોચ્ચ સંસ્થા તરીકે, ડીજી શિપિંગ શિપ રિસાયક્લિંગને લગતી તમામ પ્રવૃત્તિઓનું સંચાલન, દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે અધિકૃત છે. ડીજી શિપિંગ શિપ રિસાયક્લિંગ ઉદ્યોગના ટકાઉ વિકાસની દેખરેખ કરશે, જે પર્યાવરણને અનુકૂળ ધોરણો અને શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં કાર્યરત હિસ્સેદારો માટે સલામતી તથા આરોગ્યનાં પગલાં અંગેના અનુપાલનની દેખરેખ રાખે છે. શિપ-રિસાયક્લિંગ યાર્ડના માલિકો અને રાજ્ય સરકારો દ્વારા આવશ્યક વિવિધ મંજૂરીઓ માટે ડીજી શિપિંગની સત્તા અંતિમ રહશે. શિપ રિસાયક્લિંગ અધિનિયમ, ૨૦૧૯ હેઠળ, ભારતે આંતરરાષ્ટ્રીય દરિયાઇ સંગઠન (આઈએમઓ) હેઠળ શિપ રિસાયક્લિંગ માટે હોંગકોંગ કન્વેશનમાં સમ્મિલિત થયું છે. આઈએમઓમાં ડીજી શિપિંગ ભારતના પ્રતિનિધિ છે અને આઈએમઓના તમામ સંમેલનો ડીજી શિપિંગ દ્વારા લાગુ કરવામાં આવી રહ્યા છે. ગુજરાતના ગાંધીનગરમાં નેશનલ ઓથોરિટી ઓફ શિપ રિસાયક્લિંગની સ્થાપના કરવામાં આવશે. ગુજરાતમાં સ્થિત કાર્યાલય દ્વારા વિશ્વના અને એશિયાના સૌથી મોટા શિપ બ્રેકિંગ અને શિપ રિસાયક્લિંગ ઉદ્યોગના ઘર સમા અલંગમાં યાર્ડના માલિકોને ફાયદો થશે.

# આણંદ જિલ્લાના નાગરિકોને કોરોના જાગૃતિ માટે શપથ લેવા જિલ્લા કલેક્ટર શ્રી આર. જી. ગોહિલની હાર્દિક અપીલ



કમલમ દૈનિક, આણંદ

ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ (કોરોના વાઈરસ) જન આંદોલન અભિયાન સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ?યું છે. આ અભિયાનના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજયમાં પણ કોરોના મહામારીમાં અટકાયત અંગે જનજનમાં લોકજાગૃતિ આવે અને સમાજના તમામ લોકો માસ?ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટનું અંતર રાખે તે આજના સમયની માંગ છે. આ જનઆંદોલનના ભાગરૂપે આજે તા. ૧૫/૧૦/૨૦૨૦ના રોજ સવારનાં ૧૧-૦૦ કલાકે સમગ્ર જિ?લાની તમામ સરકારી કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ કોર્પોરેશનો, નિગમો સહિત જિ?લાના પ્રબુધ નાગરિકો, ધર્મગુરૂઓ, સામાજિક-સ?વૈચ?છિક સંગઠનો, વ?યાપરીઓ, મહાજનો, અને સમાજના તમામ વર્ગોને કોરોના જાગૃતિ માટેના શપથ ગ્રહણ કરવા જિ?લા કલેકટર શ્રી આર. જી. ગોહિલે હાર્દિક અપીલ કરી છે. આ જનઆંદોલનના ભાગરૂપે સમાજના તમામ વર્ગોએ હું માસ?ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું, દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવીશ, વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝરનો ઉપયોગ કરતો રહીશ, મારી તથા મારા સ?વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્?ધતિઓ અપનાવીશ અને યોગ-વ?યાયામ ઈત?યાદિથી જીવનશૈલી સુધારીશ તથા મારા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખીશ તેવા શપથ ગ્રહણ કરવા જિ?લા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો છે. તો આવો આજે આપણે સૌ એક સાથે કોવિડ-૧૯ જન આંદોલન અભિયાનમાં જોડાઈને શપથ ગ્રહણ કરીને કોરોના મહામારી અટકાયતમાં આપણું યોગદાન આપીએ.

# આણંદ જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેક્ટર શ્રી લલિત પટેલ અને આણંદ ગ્રામ્યના મામલતદાર શ્રી આર.બી. પરમારે બાકરોલ ખાતે પ્રાથમિક કુમાર શાળા તથા કન્યા શાળાની મુલાકાત લીધી

## લાભાર્થી બાળકોને ફૂડ ગેઈન અને કુકીંગ કોસ્ટની રકમનો લાભ મળે છે કે કેમ તેની તપાસ કરાઈ




કમલમ દૈનિક, આણંદ

હાલની કોરોનાની મહામારીના સમયમાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સરકાર દ્વારા ફૂડ ગેઈન અને કુકીંગ કોસ્ટની રકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદઅનુસાર આણંદ ગ્રામ્ય વિસ્તારની શાળાના બાળકોને મધ્યાભોજન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૬(છ) તબક્કામાં ફૂડ ગેઈન અને કુકીંગ કોસ્ટની રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા કરાયેલ ફૂડ ગેઈન અને કુકીંગ કોસ્ટની રકમ બાળકોને મળી છે કે કેમ તેની ચૂકવણીની ક્રોસ તપાસ માટે આણંદ જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેકટર શ્રી લલિત પટેલ અને આણંદ ગ્રામ્યના મામલતદાર શ્રી આર.બી. પરમારે બાકરોલ ખાતે પ્રાથમિક કુમાર શાળા તથા કન્યા શાળાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હિસાબી રેકર્ડની તપાસ કરી વાલીઓને રૂબરૂ પૂછતાજ કરીને સરકાર દ્વારા ફૂડ ગેઈન અને કુકીંગ કોસ્ટની રકમનો લાભ બાળકોને યોગ્ય રીતે મળે છે કે કેમ તેની ખાતરી કરી હતી. તેમ મધ્યાહન ભોજન યોજના મામલતદાર કચેરી (ગ્રામ્ય)આણંદની એક યાદીમાં જણાવાયું છે.

# ભાવનગર શહેરમાં ૨૧ સ્થળોએ સ્વૈચ્છિક કોરોના ટેસ્ટીગ સેન્ટર કાર્યરત

## કોરોનાની સાંકળ તોડવા વધુમાં વધુ લોકોને કોરોના ટેસ્ટ કરાવવા અનુરોધ










કમલમ દૈનિક, ભાવનગર

ભાવનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા કુલ ૧૩ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર ઉપરાંત શહેરના દુઃખીશ્યામબાપ સર્કલ, વેલેન્ટાઈન સર્કલ વાઘાવાડી રોડ, મહિલા કોલેજ સર્કલ, પાણીની ટાંકી કાળીયાબીડ, મંત્રેશ કોમ્પ્લેક્ષ સુભાષનાગર તથા આર.ટી.ઓ.સર્કલ ખાતે તથા ગ્રામ્ય મામલતદાર કચેરી તથા સીટી મામલતદાર કચેરી, ભાવનગર ખાતે એમ કુલ ૨૧ સ્થળોએ સ્વૈચ્છિક કોરોના સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. આ અંગે આરોગ્ય અધિકારી ડો.સિંહા એ જણાવ્યું હતુ કે કોરોના સંક્રમણને શહેરમાંમાં ફેલાતું અટકાવવા વધુમાં વધુ લોકો કોરોનાની તપાસ કરાવે તે ખૂબ જરૂરી છે. હાલ વિશ્વ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના કપરા સમયમાંથી પસાર થઈ રહેલ છે ત્યારે આ પરિસ્થિતિમાં લોકો કોઈપણ જાતના ડર વિના સ્વૈચ્છિક રીતે વિનામૂલ્યે નિદાન કરાવી શકે તે માટે મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા સ્વૈચ્છિક કોરોના ટેસ્ટિંગ સેન્ટર સવારના ૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ તેમજ સાંજના ૪:૦૦ થી ૭:૦૦ કલાક દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. લોકો સ્વૈચ્છિક રીતે સદર સેન્ટરો ખાતે આવી કોરોના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવી શકે છે. જેનું રિઝલ્ટ ૫ થી ૧૦ મિનિટમાં મળતું હોય વ્યક્તિ જો કોરોના વાયરસથી સંક્રમિત હોય તો હોમ આઈસોલેશનમા રહીને તેના નજીકના કુટુંબના, અન્ય સહકર્મી લોકોને સંક્રમિત થતા અટકી શકે છે. લોકો બહોળા પ્રમાણમાં લાભ લઈ શકે તે હેતુથી હાલ લોકોની અવરજવર વધુ થતી હોય તેવા વિસ્તારોમાં સ્વૈચ્છિક કોરોના ટેસ્ટિંગ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે.

# 'જય જવાન નાગરિક સમિતિ'એ વડોદરા ખાતે વીર શહીદ આરિફ પઠાણના પરિવારને રૂ.બે લાખની સહાય અર્પણ કરી

## છેલ્લા ૨૧ વર્ષથી શહીદ જવાનોના પરિવારોની પડખે રહેલી 'જય જવાન નાગરિક સમિતિ, સુરત'






## આજ સુધી શહીદોના પરિવારોને ચૂકવી છે રૂ.૫.૭૨ કરોડથી વધુ રકમની નાણાકીય સહાય


કમલમ દૈનિક, સુરત

દેશની સુરક્ષા અને માતૃભૂમિના સાર્વભૌમત્વને અખંડિત રાખવા સરહદોની રક્ષા કરતાં વીર જવાનો શહાદત વ્હોરે છે, ત્યારે શૌર્યવાન જવાનોના પરિવારોને સરકાર તો નિયમાનુસાર સહાય ચૂકવે જ છે, પરંતુ જો સમાજ પણ આવા પરિવારોની પડખે ઉભો રહે તો શહીદના પરિવારને અહેસાસ થાય કે, દેશ માટે પરિવારના લાડકવાયા વીરલાએ જે બલિદાન આપ્યું છે એ એળે નથી ગયું. સુરતની 'જય જવાન નાગરિક સમિતિ' છેક ૧૯૯૯થી શહીદોના પરિવારોને સન્માન સાથે આર્થિક સહાય આપવામાં આવે છે.

કારગીલ યુદ્ધ સમયથી આ સમિતિએ શરૂ કરેલી શહીદ પરિવાર સન્માન અને સહાયની પ્રવૃત્તિ તાજેતરના ગલવાન ઘાટી હુમલાના શહીદો સુધી વિસ્તરી છે, અને 'દેશ અને સમાજ તમારી સાથે છે' એવા સધિયારા સાથે સહાય આપવામાં આવે છે. સમિતિએ આજરોજ વડોદરા જઈને જુલાઈ-૨૦૧૯માં વીરગતિ પામેલા વડોદરાના જવાંમર્દ શહીદ આરિફ પઠાણના પરિવારને રૂ.બે લાખની સહાયતા અર્પણ કરી છે. ૨૪ વર્ષીય આરિફ પઠાણ જમ્મુ કાશ્મીર બટાલિયન ૧૮માં તૈનાત હતાં. સમિતિના ટ્રસ્ટીશ્રી કાનજીભાઈ ભાલાળાના દિશાદર્શન હેઠળ શ્રી દેવચંદભાઈ કાકડિયા અને સુરેશભાઈ પટેલે આ પરિવારના વડોદરા નિવાસ સ્થાને જઈને સહાયનો ચેક અર્પણ કર્યો હતો.કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે, સમિતિ શહીદોના પરિવારોને મદદરૂપ બની દેશસેવામાં યોગદાન આપવાનો સંતોષ અનુભવે છે. દેશના સીમાડાની રક્ષા કરતાં પ્રાણોનું બલિદાન આપનાર જવાનોના પરિવારોને આર્થિક સહાયતા દ્વારા હૂંફ આપીએ છીએ. કારગીલ યુદ્ધના ૧૨ જવાનોના પરિવારોને રૂ.ચાર-ચાર લાખની સહાયતાથી સેવાપ્રવૃત્તિ શરૂ કરી હતી. પુલવામા હુમલાના શહીદ ૪૩ જવાનો અને ચીની સૈનિકો સાથે ગલવાન ઘાટી સંઘર્ષમાં શહીદ ૪૩ જવાનો અને ગલવાન સંઘર્ષના શહીદ ૨૦ જવાનોના પરિવારોને પણ આર્થિક મદદ કરી છે. શ્રી ભાલાળાએ વધુમાં કહ્યું કે, આજ સુધી સરહદે અને આતંકવાદીઓનો સામનો કરતાં શહીદ થયેલા ૩૩૮ જવાનોના પરિવારોને સમિતિએ રૂ.૫ કરોડ ૭૨ લાખ ૨૪ હજારની સહાયતા રાશિ ચૂકવી છે. 'દેશ માટે શહીદી વ્હોરનાર સપૂતો ધર્મ, જાતિ કે પ્રદેશના ભેદ વગર સન્માનને પાત્ર છે.' આ સૂત્રને અનુસરી 'જય જવાન નાગરિક સમિતિ' હંમેશા શહીદોના પરિવારોની પડખે રહે છે. શુભેચ્છકોના દાન અને સહયોગથી આ પ્રવૃત્તિને વેગવાન બનાવી શક્યા હોવાનું તેઓ ઉમેરે છે. આ વેળાએ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, વડોદરાના પ્રમુખ પી.પી. કાનાણી, સેક્રેટરી ભાવેશભાઈ કસવાલા, ટ્રસ્ટી કુમુદભાઈ અકબરી સહિતના અગ્રણીઓએ સહયોગ પૂરો પાડયો હતો.

# અમદાવાદમાં ઘોડા કેમ્પમાં હોર્સ રાઈડિંગ ક્લબ ફરી શરુ થઈ









- શૂન્ય, વિજય, જ્યોતિ, અક્ષર-અક્ષત,માણકી, કરિશ્મા, વિરાટ : આ છે અમદાવાદ હોર્સ રાઈડિંગ ક્લબના તેજતોખાર અશ્વ
- ક્લબમાં બેઝિક અને એડવાન્સ બંને પ્રકારની તાલીમ અપાશે
- અશ્વતાલીમ શાળાના ઈન્સ્ટ્રક્ટર શ્રી બારોટ ૯ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ જીતી ચૂક્યા છે

## યુવાનોના ઘોડેસવારી પ્રત્યેના લગાવના કારણે ગૃહ વિભાગની અનોખી પહેલ

કમલમ દૈનિક,

'ચાલ સે તાલપ આ સૂત્ર ઘોડેસવારને અક્ષરસઃ લાગુ પડે છે... 'ચાલ મિલાવો... ચાલ છુટની નહી ચાહીએ... ઘોડા અંદર રખો... ઘોડા વચ્ચે અંતર રાખો... 'ગુજરાતી અને હિંદી મિશ્રિત આ શબ્દો આજકાલ અમદાવાદ સ્થિત ઘોડા કેમ્પમાં ઉછળી રહ્યા છે...આ શબ્દો ઘોડેસવારી શીખવાડનાર કોચ તાલીમાર્થીઓને કહી રહ્યા છે... ઘોડો - આ શબ્દ સાંભળતા જ મનમાં 'સવારીહ્ન શબ્દ સવાર થઈ જાય છે...નહિ વાગોળનારાં પશુમાંનું સવારી માટેનું એક સુંદર ચોપગું પશુ એટલે ઘોડો... તુરગ, હય, અશ્વ, તોખાર, વાજી, વીતિ, અર્વા વગેરે જેવા નામોથીથી પણ ઓળખાતા ઘોડાને પગે ફાટ નથી હોતી. કદાચ આપણા લોકજીવનમાં તેજીલો તોખાર, અશ્વાર જેવા શબ્દો કદાચ ઉભરી આવ્યા હશે... તેને ખરી નહિ પણ ડાબલા જેવો આખો નખ હોય છે. સિંહની માફક એની ગરદન ઉપર વાળ હોય છે, જેને કેશવાળી કહેવાય છે. સરેરાશ ૨૫ થી ૩૦ વર્ષનું આયુષ્ય ધરાવતા ઘોડાની મહત્તમ વેગીલી દોડ અંદાજે ૮૮ કિ.મિ પ્રતિ કલાકની હોય છે... પુખ્ય વયનો ઘોડો ૩૮૦ કિલો થી ૧,૦૦૦ હજારનું વજન ધરાવે છે...જ્યારે ૧.૪ મીટર થી ૧.૮ મીટરની સરેરાશ ઉંચાઈ ધરાવતો ઘોડો એક સમયે રાજાશાહીનું પ્રતિક ગણાતો હતો... એ શાન કદાચ ધીમે ધીમે ઓઝલ થઈ હશે, પરંતુ આજે ફરી યુવાનોમાં ઘોડેસવારી પ્રત્યે અચાનક લગાવ વધ્યો છે...અને આ લગાવને પગલે રાજયના ગૃહ વિભાગે અમદાવાદમાં ઘોડાકેમ્પમાં 'હોર્સ રાઈડીંગ ક્લબહ્ન ફરીથી કાર્યાન્વિત કરી છે...અમદાવાદ ઘોડા કેમ્પ ખાતે પોલીસ અશ્વતાલીમ શાળા-પોલીસ હોર્સ રાઈડિંગ ક્લબનું ઉદ્‌ઘાટન કરતા ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, 'હ્ન ઘણા સમયથી અશ્વતાલીમ શાળા ફરી શરૂ કરવા લોકોની માંગ હતી. ત્યારે અમદાવાદ સહિત ૧૩ જિલ્લાઓમાં પોલીસ અશ્વતાલીમ શાળા શરુ કરાઈ છે. જેમાં ત્રણ મહિનાનો બેઝીક કોર્સ અને ત્યારબાદ ત્રણ મહિનાના એડવાન્સ કોર્સ થકી તાલીમ આપવામાં આવશે. સોશિયલ મીડિયાનાં જમાનામાં મેદાન પરની પ્રવૃત્તિઓ, રમત-ગમત ઓછી થતી જાય છે તેવા સમયે અશ્વારોહણની તાલીમ યુવાનો-વિદ્યાર્થીઓના ઘડતર માટે ઉપયોગી નીવડશે. અશ્વતાલીમ શાળા પોલીસ અને પ્રજા વચ્ચે સેતુરૂપ સાબિત થશે. ઘોડેસવારી વ્યક્તિને રોમાંચની સાથે શિસ્ત, સંયમ અને સજ્જતાની પણ અનુભૂતિ કરાવે છે. ફિલ્મના પડદે નાયક કે નાયિકાના ઘોડેસવારીના દ્રશ્યો રોમાંચ જગાવે છે. ફિલ્મના હિરોની જેમ ઘોડેસવારી આવડે તેવી ઈચ્છા યુવાનો-વિદ્યાર્થીઓ હોય પરંતુ અશ્વારોહણની તાલીમ બધા મેળવી શકતા ન હતા, પણ હવે આ સ્થિતી બદલાશે અને મોટી સંખ્યામાં યુવાનો તાલીમ મેળવી શકશે. અમદાવાદ શહેરના યુવાનો માટે હવે આ સુવિધા ઉપલબ્ધ બની છે... પોતાની કારકિર્દીનો મહત્તમ સમય આ ઘોડાઓ અને તેમના જતન-સંવર્ધન માટે ખર્ચનાર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એસ.બારોટ કહે છે કે, 'મારી નોકરીનો મહત્તમ કાળ ઘોડાઓ સાથે વીતાવ્યો છે... અંગ્રેજો કે રાજા મહારાજાઓના સમયમાં ઘોડા પાળવાનો લોકોને શોખ હતો... આજે પણ આ શોખ કેટલાય લોકોમાં બરકરાર રહ્યો છે...રાજ્યના ગૃહ વિભાગે અહીં 'હોર્સ રાઈડીંગ ક્લબહ્ન ફરીથી કાર્યાન્વિત કરી છે...અહીં ઘોડા છે, જેમાં મારવાડી, કાઠીયાવાડી, વલેર, કન્ટ્રીબીડ જેવા જાતવાન ઘોડાનો સમાવેશ થાય છે...શહેરના નાગરિકો માટે શરુ કરાયેલી ઘોડેસવારીની તાલીમનો ઉલ્લેખ કરી શ્રી બારોટ કહે છે કે, 'અહીં બેઝીક અને એડવાન્સ એમ બે પ્રકારની તાલીમ અપાય છે. નવા શીખાઉને બેઝીક તાલીમ અપાય છે.., જ્યારે ઘોડા પર કાબૂ મેળવતાની સાથે સાથે ઘોડાની પરિભાષા શીખી જાય તે તાલીમાર્થીઓને જ એડવાન્સ તાલીમ અપાય. વર્ષોથી ઘોડા સાથે લગાવ ધરાવતા શ્રી બારોટ કહે છે કે, ઘોડા લાગણીઓ ધરાવે છે, તેમની વર્તણૂંક પરથી તે સમજી શકાય છે. તે રાજી થાય ત્યારે તે લાગણી પણ વ્યક્ત કરે છે અને નારાજ થાય ત્યારે ગુસ્સો પણ વ્યક્ત કરે છે... પોલીસ અને ઘોડેસવારી સાથેના લગાવ અંગે વાત કરતાં શ્રી બારોટ કહે છે કે, 'મારા પિતા પોલીસમાંથી નિવૃત્ત થયા છે. અને અને ભાઈ પણ પોલીસમાં છે.. હું ૧૯૮૬માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે હથિયારી એકમમાં જોડાયો...પણ ઘોડાનો બાળપણથી જ શોખ હતો... એટલે માઉન્ટેડ પોલીસમાં જોડાવા અરજી કરી અને પરીક્ષા આપી વર્ષ ૨૦૦૮માં પી.એસ.આઈ તરીકે નિમણૂક પામ્યો... બનાસકાંઠા, વડોદરા, સૂરત, બનાસકાંઠા અને હવે ફરી અમદાવાદ માઉન્ટેડ પોલીસમાં અને વચ્ચે મરીન પોલીસમાં પણ સેવા બજાવી છે...અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ વિભાગના અશ્વદળમાં હાલ ૬૦૩ અશ્વોની મંજૂર મહેકમ જેમાં નવા ૧૩૫ અશ્વો ઉમેરવામાં આવશે. રાજ્યના અશ્વદળે આ વર્ષે 'ઓલ ઈન્ડિયા ઈક્વેસ્ટ્રીયન મીટહ્ન ખાતે ૦૭ ગોલ્ડ અને ૦૨ સિલ્વર મેડલ જીતી અને પોલીસ વિભાગનું નામ રોશન કર્યું છે. માઉન્ટેડ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એસ.બારોટ આજે પણ ઘોડેસવારીને લગતી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લે ગુજરાત પોલીસનું નામ રોશન કરી રહ્યા છે. શ્રી બારોટે અત્યાર સુધીમાં ૯ ગોલ્ડ, ૪ સીલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. આ પ્રસંગે તાલીમબધ્ધ યુવા ઘોડેસવારોએ આમંત્રીતો સમક્ષ અશ્વારોહણ નિદર્શન કર્યું હતું. આ અશ્વદળ ટુકડીની આગેવાની મહિલા ઘોડેસવારોએ કરી હતી. હોર્સ રાઈડિંગ ક્લબના ઉદ્‌ઘાટન પ્રસંગે મેયર શ્રી બિજલબેન પટેલ, સાંસદ સર્વે શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી રાકેશ શાહ, શ્રી પ્રદિપ પરમાર, શ્રી બલરામ થવાણી, શ્રી હીંમતસિંહ પટેલ, શ્રી અરવિંદ પટેલ, ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતાસિંહ, રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટીયા, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને અશ્વારોહકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ મહત્વનો નિર્ણય

## મગફળીની ટેકાના ભાવે ખરીદી દરમિયાન બારદાનમાં ૩૫ કિલોના બદલે ૨૫ કિલો મગફળી ભરવામાં આવશે અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયા



### બારદાનનો ખર્ચ, મજૂરી ખર્ચ અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ખેડૂતો વતી રાજ્ય સરકાર ભોગવશે

### મગફળીની ટેકાના ભાવે ખરીદીનો આગામી ૨૧મી ઓક્ટોબરથી શુભારંભ : અત્યાર સુધીમાં સવા ચાર લાખ ખેડૂતોએ કરાવ્યું રજીસ્ટ્રેશન


કમલમ દૈનિક,

અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી ૨૧મી ઓકટોબરથી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં બારદાનમાં ૩૫ કિલોના બદલે ૨૫ કિલો મગફળી ભરવાનો રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીશ્રી રાદડિયાએ ઉમેર્યુ કે આજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી અંગે ધારાસભ્યો અને ખેડૂત આગેવાનો દ્વારા મળેલ રજૂઆતો સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ આ મહત્વનો નિર્ણય કરાયો છે તેમ જણાવી તેમણે ઉમેર્યુ કે રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી અંગે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાલ ચાલુ છે અત્યાર સુધીમાં સવા ચાર લાખ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને આ પ્રક્રિયા આગામી તા.૨૦મી ઓકટોબર સુધી ચાલશે અને તા.૨૧મી ઓકટોબરથી રાજ્યભરમાં નાફેડના સંકલનમાં રહીને ખરીદી પ્રક્રિયા શરૂ કરાશે. ગત વર્ષે રાજ્ય સરકારે ૪.૭૦ લાખ મેટ્રિક ટન મગફળી ટેકાના ભાવે ખરીદી કરી હતી અને આ વર્ષે પણ ૪.૭૦ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી ખરીદવામાં આવે તેવો અંદાજ છે. મંત્રીશ્રી રાદડિયાએ ઉમેર્યુ કે મગફળીની ટેકાના ભાવે ખરીદી કેન્દ્ર સરકારના એફએકયુ અને નાફેડ દ્વારા કરાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મગફળીની ખરીદી દરમિયાન બારદાનમાં ૩૫ કિલોમાં ભરાવો કરવાનો નિર્ણય કર્યો હતો અને આ વર્ષે પણ ખેડૂતોના હિતમાં બારદાનમાં ૨૫ કિલો મગફળી ભરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી ખેડૂતોની મુશ્કેલી ઘટશે અને સાથેસાથે બારદાનનો ખર્ચ, મજૂરીનો ખર્ચ અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ખેડૂતો વતી રાજ્ય સરકાર ભોગવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# વડોદરામાં નેવલ રોઈંગ અને માઈક્રોલાઈટ ફ્લાઈટ સિમ્યુલેટર મશીનનો શુભારંભ

## એનસીસી, ગુજરાતના અધિક મહાનિર્દેશક રોય જોસેફના હસ્તે કરાયું ઉદ્‌ઘાટન









## એનસીસી કેડેટ્સની તાલીમની આંતરમાળકીય સવલતોમાં થયો વધારો

### કોરોનાકાળમાં સામાજિક અંતર સાથે વર્ચ્યુલી ટ્રેઈનિંગ કરી શકશે નેવલ અને એરવિંગના કેડેટ્સ

કમલમ દૈનિક, વડોદરા

રાજય સરકારના શિક્ષણ વિભાગના સહયોગથી વડોદરામાં ૨ ગુજરાત નેવલ યુનિટ ખાતે રોઈંગ સિમ્યુલેટર અને ૧ ગુજરાત એર સ્કવૉડ્રન ખાતે વાઈરસ માઈક્રોલાઈટ ફ્લાઈટ સિમ્યુલેટર ફ્લાઈટનો ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવના એનસીસીના અધિક મહાનિર્દેશક શ્રી રોય જોસેફના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સિમ્યુલેટર મશીનથી એનસીસી કેડેટ્સની તાલીમની આંતરમાળકીય સવલતોમાં વધારો થવાની સાથે કોરોના વાયરસની મહામારીમાં સામાજિક અંતર સાથે ટ્રેઈનિંગ કરી શકાશે. આ તકે અધિક મહાનિર્દેશક શ્રી રોય જોસેફે જણાવ્યુ કે, વાયરસ એસડબલ્યુ ૮૦ માઈક્રોલાઈટ ફ્લાઈટ સિમ્યુલેટર અને રોઈંગ સિમ્યુલેટર મશીન મળવાથી એનસીસી કેડેટ્સના કૌશલ્યોવર્ધનમાં ખૂબ મોટી મદદ મળશે. ખાસ કરીને કોરોના વાયરસની મહામારીમાં સામાજિક અંતર જાળવવાનું હોય છે. ત્યારે આ મશીનના માધ્યમથી વર્ચ્યુલી ટ્રેઈનિંગ મેળવી શકશે. નેવલ કેડેટ્સને તાલીમના ભાગરૂપે માટે સમુદ્રમાં બોટ સાથે જવાનું હોય છે. જે સિમ્યુલેટર મશીનથી કેડેટ્સની ટ્રેઈનિંગ કરવી ખૂબ સરળ રહેશે. તબક્કાવાર તેમની ક્ષમતા વધારો થઈ શકશે. વાયરસ માઈક્રોલાઈટ ફ્લાઈટ સિમ્યુલેટરમાં ટેક ઓફ, લેન્ડિંગ, ઈમરજન્સી વખતે જરૂરી ફિચરથી સજ્જ છે. જે એરફોર્સમાં જવા માંગતા કેડેટ્સને જહાડ ઉડવવા માટેની આગોતરી તાલીમ મહત્વના બની રહેશે. તેમજ આગામી સમયમાં ફાઈરીંગ માટે સિમ્યુલેટર મશીન લાવવામા આવશે. આ સાથે શ્રી જોસેફે કોરોના મહામારીમાં એનસીસી કેડેટ્સ દ્વારા કરવામાં આવતી સામાજિક-સેવાકીય તેમજ જનજાગૃત્તિ પ્રવૃત્તિનો ઉલ્લેખ કર્યો હતો. આ વાયરસ એસડબલ્યુ ૮૦ ફ્લાઈટ સિમ્યુલેટર મળવાથી લગભગ વાસ્તવિક સમયના ફ્લાઈંગ અંગે શીખવામાં ફાયદો થશે અને તેઓ એકલા પણ વર્ચ્યુલ ઉડાન ભરી શકે છે. તેમજ તમામ કટોકટી અને હવામાનની પરિસ્થિતિઓનું પણ તેમા સિમ્યુલેશન થઈ શકે છે. આ ફ્લાઈટ સિમ્યુલેટરથી ઈંધણની પણ બચત કરી શકાશે. આ સિમ્યુલેટર એરક્રાફટથી વાસ્તવમાં કેડેટ્સને પ્રત્યેક્ષ અહેસાસ અને પરિચય થશે. નેવલ કેડેટ્સ માટે હોડી ખેંચવી તેમની તાલીમ દરમિયાન એક ખૂબ મહત્વપૂર્ણ પ્રવૃતિઓમાંની એક છે. કેડેટ્સની બોટ્સનું સંચાલન કરવું ખૂબ જરૂરી છે. આ નેવલ સિમ્યુલેટરથી કેડેટ્સની સહનશક્તિમાં વધારો થશે. આમ, એનસીસી કેડેટ્સની ક્ષમતા વધારવાની સાથે બહુપરિમાણીય રીતે તાલીમ મેળવવામાં મદદ મળી રહેશે.





દક્ષિણ ગુજરાતના આદિજાતિ જિલ્લા તાપીના દોસવાડામાં સ્થપાશે વિશ્વનું સૌથી મોટું ઝીંક સ્મેલ્ટર કોમ્પ્લેક્ષ

# મુખ્યમંત્રીશ્રી પ્રેરિત નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસીથી આકર્ષિત થઈ આદિજાતિ વિસ્તારમાં આ પ્લાન્ટની સ્થાપના માટે હિન્દુસ્તાન ઝિંકે રસ દાખવ્યો

## મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં ગુજરાત સરકાર અને હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં MoU સંપન્ન

**પાંચ હજાર સ્થાનિક યુવાઓને રોજગાર અવસર- ૨૫ હજારથી વધુને જીવનનિર્વાહનો આધાર મળશે.**

- **વેદાંતા ગૃપનું ગુજરાતમાં આ પ્રથમ મોટું સાહસ શરૂ થશે.**
- **આદિજાતિ જિલ્લા તાપીમાં સર્વગ્રાહી વિકાસની નવી દિશા ખૂલશે**

**શ્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત અભિગમથી રૈં ની કાર્યવાહિ માત્ર બે જ મહિનામાં પૂર્ણ થઈ.**

**૧૦ હજાર કરોડના મૂડીરોકાણ સાથેના પ્લાન્ટનો પ્રથમ તબક્કો ૩૬ મહિનામાં કાર્યરત થશે.**

**હિન્દુસ્તાન ઝિંકના સંચાલકોએ મુખ્યમંત્રીશ્રીના પ્રોત્સાહક અભિગમને અન્ય કોઈ પણ રાજ્ય કરતાં અનેક ગણો સકારાત્મક પ્રતિસાદ ગણાવ્યો.**

**કોરોના મહામારી પછીની બદલાયેલી સ્થિતીમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં ગુજરાતે ઔદ્યોગિક-આર્થિક ગતિવિધિઓને ચેતનવંતી બનાવવા અપનાવ્યો પ્રોત્સાહક અભિગમ.**

**ગુજરાતમાં આગામી ભવિષ્યમાં વધુ રોકાણો- પ્રોજેક્ટ માટે તત્પરતા દાખવી.**

**સ્ટેટ ઓફ ધ આર્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર સ્થપાશે.**

કમલમ દૈનિક,

દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તાર તાપી જિલ્લાના દોસવાડામાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેક્ષની સ્થાપના માટેના રૈં ગુજરાત સરકાર અને વેદાન્તા ગૃપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ અને ઊદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ તથા હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના સી.ઈ.ઓ શ્રી અરૂણ મિશ્રાએ આ MoU પર હસ્તાક્ષર કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી અને ઊદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે આ પ્રોજેકટસના પરિણામે રાજ્યના આદિજાતિ વિસ્તારની આર્થિક-સામાજીક વિકાસની ગતિ વધુ વેગવાન બનશે તેની ભૂમિકા આપી હતી. વેદાન્તા ગૃપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ આ પ્લાન્ટ માટે રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ દોસવાડામાં કરશે તેમજ એશિયા અને મિડલ ઈસ્ટના દેશોમાં ઝિંકની મોટાપાયે નિકાસ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રિય સ્તરે વધતી જતી માંગને પહોચી વળવા પર આ પ્લાન્ટ દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરશે. વેદાન્તા ગૃપનું ગુજરાતમાં આ પ્રથમ મોટું સાહસ છે. હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના શ્રી અગ્રવાલે આ પ્રોજેકટ ગુજરાતમાં શરૂ થવાની પહેલના મૂળમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં રાજ્ય સરકારનો સકારાત્મક પ્રતિસાદ રહેલો છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઔદ્યોગિક નીતિ-ન્યૂ ઈન્ડસ્ટ્રીયલ પોલિસીનો લાભ લઈને આ આદિજાતિ વિસ્તારમાં સ્ટેટ ઓફ ધ આર્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર પણ હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ દ્વારા શરૂ કરાશે. આ સેન્ટરના પરિણામે આ વિસ્તારના કુદરતી સંશાધનોનું ટેકનોલોજી અને ઈનોવેશનથી સંવર્ધન-સંરક્ષણ થઈ શકશે. તેમણે કહ્યું કે, દેશના અન્ય કોઈ પણ રાજ્યમાં આ પ્રકારની પારદર્શી અને ગતિશીલતાનો અનુભવ તેમને થયો નથી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી રૈંની આ પ્રક્રિયા બે જ મહિનાના ટુંકાગાળામાં પૂર્ણ થઈ તેનો તેમણે આનંદ વ્યકત કર્યો હતો. 300 KTPAની ઉત્પાદન ક્ષમતા સાથે આદિજાતિ ક્ષેત્ર તાપી જિલ્લામાં સ્થપાનારા હિન્દુસ્તાન ઝિંક લીમીટેડના આ સાહસને પરિણામે પાંચ હજારથી વધુ સ્થાનિક યુવાઓને રોજગાર અવસર તેમજ ૨૫ હજારથી વધુ લોકોને જીવનનિર્વાહનો આર્થિક આધાર મળતો થવાનો છે. શ્રી અગ્રવાલે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત સરકારના આ પોઝિટીવ એપ્રોચના પરિણામે આગામી ભવિષ્યમાં ગુજરાતમાં હજુ વધુ મોટા પ્રોજેકટ અને વધુ મૂડીરોકાણો માટે તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના પછીની દેશમાં બદલાયેલી સ્થિતીમાં ગુજરાતમાં ઊદ્યોગો અને રોજગારીને પૂનઃ ચેતનવંતા કરવા આયોજનબદ્ધ પગલાં લીધા છે. આની ફલશ્રુતિ રૂપે રાજ્ય સરકારના પ્રોત્સાહક સહયોગથી અનેક ઊદ્યોગ એકમો-સાહસોએ પોતાના પ્લાન્ટના નિર્માણકાર્ય પૂર્ણ કરી રેકર્ડ ટાઈમમાં ઉત્પાદન પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના આ પ્રોજેકટનો પ્રથમ તબક્કો MoU થયાના ૩૬ મહિનામાં કાર્યરત થઈ જશે તેમ આ અવસરે કંપની સંચાલકોએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નિશ્ચિત સમયમાં આ પ્લાન્ટ કાર્યરત થઈ શકે તે હેતુસર રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગની તત્પરતા દર્શાવી હતી. રાજ્યમાં નિર્માણ થયેલ કાર્યક્ષમ અને અત્યાધુનિક ઔદ્યોગિક ઈકોસીસ્ટમનો લાભ કંપનીને પ્રાપ્ત થશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની વિકાસશીલ અને પ્રોત્સાહક ઊદ્યોગ નીતિને કારણે હિન્દુસ્તાન ઝિંક જેવી વિશ્વખ્યાત મોટી કંપનીઓ-સાહસોએ ગુજરાતને ફેવર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે પસંદ કર્યુ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. દક્ષિણ ગુજરાતનો દુર્ગમ વિસ્તાર તાપી જિલ્લો આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસ આયોજનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આ અગાઉ જુલાઈ-૨૦૧૯ માં જે.કે.પેપર્સ કંપની દ્વારા તાપી જિલ્લામાં સ્થિત પોતાની પેપર મિલ માટે રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે વિસ્તરણ અંગેના એમઓયુ કરવામાં આવ્યા હતા. જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાનું કંપનીનું લક્ષ્ય હતું. પરંતુ, કંપનીએ આ કામગીરી ત્વરિત ગતિએ ઉપાડી છ મહિના અગાઉ જ કામગીરી પૂર્ણ કરી લીધી છે. પ્લાન્ટ વિસ્તરણના આ પ્રોજેક્ટના લીધે અંદાજે ૧૦૦૦થી વધુ સ્થાનિક લોકોને રોજગારી મળશે અને વધુ ૧૦,૦૦૦ ખેડૂતોને પણ લાભ થશે. આ બંને પ્રોજેક્ટથી આદિવાસી બાહુલ્યતા ધરાવતા તાપી જિલ્લામાં સામાજિક-આર્થિક વિકાસના નવા અવસરો ઉભા થશે, તેમજ સ્થાનિક આદિવાસી યુવાનોને મોટા પાયે રોજગારીની તકો મળશે. અલ્પ કુદરતી ખનિજ સંપદા તેમજ ગીચ જંગલ-વન અને મોટા પ્રમાણમાં વનબંધુઓની વસ્તી વાળા આ આદિજાતિ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે મોટાપાયે ઔદ્યોગિક વિકાસ થાય તેવી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રતિબદ્ધતા છે. તાપી જિલ્લામાં સ્થપાનારા આવા મોટા સાહસોથી વિશાળ સંખ્યામાં રોજગાર અવસર મળવા સાથે આ સમગ્ર આદિજાતિ જિલ્લાના સામાજિક-આર્થિક ઉત્થાનની નવી દિશા ખૂલતાં મુખ્યમંત્રીશ્રીની વનબંધુ વિકાસની સંવેદનશીલતા સાકાર થશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, હિન્દુસ્તાન ઝિંક ભારતની સૌથી મોટી અને વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી ઝિંક લીડ માઈનર કંપની છે. નવિન ટેકનોલોજી-ઈનોવેશનથી દુર્લભ કુદરતી સંશાધનોના સંરક્ષણનો ૫૦ થી વધુ વર્ષનો વિશાળ અનુભવ પણ આ સાહસ ધરાવે છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ રૈં સાઈનીંગ વેળાએ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, ઈન્ડેક્ષ્ટ-બી ના એમ.ડી. નિલમ રાની તથા રાજ્ય સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વેદાન્તા લિમિટેડના ફાઉન્ડર અને નોન-એકઝીકયુટિવ ચેરમેન શ્રી અનિલ અગ્રવાલ અને સી.ઈ.ઓ. શ્રી સુનિલ દુગ્ગલ વિડીયો કોન્ફરન્સ માધ્યમથી સહભાગી થયા હતા.

# ‘બેટી બચાવો- બેટી પઢાવો યોજના અન્વયે જિલ્લા વહીવટી તંત્ર, અમદાવાદ દ્વારા “સવાયું સન્માન” કાર્યક્રમ યોજાયો

## રાજ્ય સરકારે દીકરીઓને દીકરાઓ જેવી જ સમાન તક અને શિક્ષણ આપી તમામ ક્ષેત્રોમાં આગળ વધવાનું સામર્થ્ય મહિલાઓને પૂરું પાડયું છે






**પહેલા દીકરીઓને ‘ટેન્શન ગણવામાં આવતી હતી પરંતુ તે આજે ‘ટેન સન એટલે કે ૧૦ દિકરાઓ સમાન બની છે**

કમલમ દૈનિક,

‘બેટી બચાવો- બેટી પઢાવો યોજના અન્વયે બેટી બચાવો- બેટી પઢાવો સેલ, જિલ્લા ટાસ્ક ફોર્સ – જિલ્લા વહીવટી તંત્ર, અમદાવાદ દ્વારા આંગણવાડીની બહેનો તથા ધો-૧૦ અને ધો-૧૨ માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર દીકરીઓને સન્માનવા માટે ‘‘સવાયું સન્માન’’ નામનો એક કાર્યક્રમ આજે વાગ્યે ટાગોર હોલ, પાલડી ખાતે યોજાયો હતો. મહિલા અને બાળવિકાસ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન જણાવ્યું કે, કોઈનું એક ઘણું સન્માન આપણે જોયું હશે પરંતુ દીકરીઓના ભણતર અને વિકાસ માટે સંવેદનશીલતાથી કાર્ય કરનાર બહેનો, માતા-પિતા, આંગણવાડી કાર્યકરોનું આજે થયેલું સન્માન એ દ્રષ્ટિએ ‘સવાયુ સન્માન છે. તેમણે કહ્યું કે, મહિલાઓને શિક્ષણ આપી અનેક ક્ષેત્રોમાં આગળ વધવાની અનુકૂળતા રાજ્ય સરકારે અનેકવિધ મહિલા કલ્યાણલક્ષી યોજનાઓથી પૂરી પાડી છે. દીકરાઓને મળે તેવી જ તક દીકરીઓને મળવાથી તે આજે દીકરીઓ કોન્સ્ટેબલથી માંડી લશ્કર અને પાયલોટ સુધીના ક્ષેત્રમાં પદાર્પણ કરી ચૂકી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘બેટી બચાવો- બેટી પઢાઓક્ષ નું શરૂ કરેલું અભિયાન આજે જન આંદોલન બની ચૂક્યું છે. વિશ્વ કહે છે કે, ૨૧ મી સદી ભારતની છે, પરંતુ ભારત કહે છે કે, ૨૧ મી સદીમાં મહિલાઓની છે તેવા વાતાવરણનું સર્જન થયું છે. તેમણે કહ્યું કે, મહિલાઓને શિક્ષણ અને આર્થિક ટેકો મળતાં તે પોતાના પ્રશ્નો આપોઆપ જાતે ઉકેલી લેશે. આ વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગંગા સ્વરૂપા યોજના, વ્હાલી દિકરી યોજના અને તાજેતરમાં મહિલા ઉત્કર્ષ યોજના જેવી મહિલાલક્ષી યોજનાઓ અમલમાં મૂકી મહિલાઓને મજબૂત આર્થિક ટેકો આપવાનું કાર્ય કર્યું છે. મંત્રીશ્રીએ કહ્યું કે, પહેલા દીકરીઓને ‘ટેન્શનક્ષ ગણવામાં આવતી હતી. પરંતુ આજે તક મળવાને કારણે દીકરીઓ ‘ટેન સનક્ષ એટલે કે દસ પુત્રો સમોવડી બની ચૂકી છે. રાજ્ય સરકારે મહિલાઓ આર્થિક રીતે સશક્ત બને તે માટે ઘરમાં રજીસ્ટ્રેશન ફીમાં માફીની યોજના શરૂ કરી જેને લીધે આજે રાજ્યમાં ૧.૪૦ કરોડ મિલકતોની માલિક મહિલાઓ બની ચૂકી છે. રાજ્ય સરકારે આ માટે રૂા. ૧,૫૯૫ કરોડની રજિસ્ટ્રેશન ફી જતી કરી છે. તેમણે ઉમેર્યું કે, સ્ત્રીઓમાં જેવી સંવેદના, તાકાત, લાગણી,શક્તિ છે. તેવી પુરુષોમાં નથી. તેથી જ ભારતમાં મહિલાઓનું શક્તિ તરીકે પૂજન થાય છે. મંત્રીશ્રીના હસ્તે ધોરણ-૧૦ ધોરણ-૧૨ માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર દીકરીઓ, સો ટકા નામાંકન કરાવનાર શાળાઓ, બાળકીઓ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર આશાબહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ કલેક્ટરશ્રી સંદીપ સાંગલેએ જણાવ્યું કે, ભૂતકાળમાં આપણે ત્યાં ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા જેવી સ્ત્રીઓ શાસ્ત્રાર્થ કરતી હતી, પરંતુ સમાજની બદલાતી માનસિકતાએ તેને આગળ આવવામાં બંધનો મૂક્યાં જેને પરિણામે તે જેટલી આગળ વધવી જોઈએ તેટલી બધી શકી નહીં. તે જમાનામાં રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતીએ સ્ત્રીઓ આગળ આવે તે માટે ભગીરથ પ્રયાસો આદર્યા હતા તેની વિશદ છણાવટ તેમણે આ પ્રસંગે કરી હતી. તેમણે કહ્યું કે, દીકરીઓમાં પણ દીકરાઓ જેટલી જ શક્તિ અને સામર્થ્ય પડેલાં છે ત્યારે સમાજ દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ કરવો ન જોઈએ અને દીકરા જેટલી જ સમાન તક દીકરીઓને પણ આપવી જોઈએ. તેમણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કૂહા ગામ ખાતે કન્યા પૂજન ત્યારબાદ સફાઈ વર્કરોનું સન્માન અને આજે સફળતાના શિખરો મેળવનાર દિકરીઓનું સન્માન એમ ત્રિવિધ કાર્યક્રમો એક જ મહિનામાં યોજીને મહિલાઓનું યથોચિત સન્માન કરવાનું કાર્ય કર્યું છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરૂણ મહેશ બાબુએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે, દીકરા-દીકરીમાં ભગવાન પણ ભેદભાવ કરતાં નથી તો આપણે શા માટે કરીએ છીએ દીકરીઓ પણ દીકરાઓ જેટલા જ અને જેવા જ કાર્યો કરી શકે છે ત્યારે દીકરીઓ આગળ વધે તે માટેની તક અને અનુકૂળતા સમાજ કરી આપે તે સમયની માંગ છે. આ અવસરે ‘પપ્પાનું પારેવડુંક્ષ ફોટા સ્પર્ધામાં વિજેતા પિતાઅ પુત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આંગણવાડીની બહેનોને અદાણી ફાઉન્ડેશન દ્વારા અપાયેલ ૨૦૦ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૦માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર છબી શર્માએ દીકરીઓને માન-સન્માન અને સ્વતંત્રતા આપવાં માટે આહવાન કરતાં રાજ્ય સરકાર જે રીતે સહકાર આપે છે તેવા જ સહકારની સમાજ આપે તેવી વાંચના કરી હતી. આ અવસરે બાળ સંરક્ષણ અધિકારીશ્રી એઝાઝ મન્સૂરી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિક કમિશનર શ્રી ઋષિન ભટ્ટ, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી નિલેશ્વરીબા તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય સરકારે દર્શનાર્થીઓ માટે એક પણ મંદિર બંધ કર્યા નથી : ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા

## ધાર્મિક સ્થાનો પર સંક્રમણ અટકે એ માટે પ્રસાદી બંધ પેકેટમાં આપવા ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા કરવા સૂચના



**મંદિરના ટ્રસ્ટ દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરાશે**

**મંદિર માર્ગમાં ઓછી ભીડ થાય તે માટે LED દ્વારા દર્શનની સુવિધા**

કમલમ દૈનિક,

ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજાએ જણાવ્યું છે કે, લાખો શ્રદ્ધાળુઓના શ્રધ્ધાનુ પ્રતિક સમાન ધાર્મિક સ્થાનો-મંદિરો દર્શનાર્થીઓ માટે બંધ કર્યા નથી. કોરોનાનું સંક્રમણ અટકે એ માટે તકેદારી સાથે યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય એ માટે ટ્રસ્ટીઓ સાથે સંકલન કરીને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યુ કે કોરોનાના કપરા કાળમાં લોકડાઉન-૧થી અનલોક-૧ ૭મી જૂન-૨૦૨૦થી અમલમાં આવ્યુ ત્યારથી તેમાં નિયત કરાયેલ નિશ્ચિત માર્ગદર્શક સુચનાઓ મુજબ તમામ મંદિરો દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવ્યા છે. એક પણ મંદિરમાં સરકારે દર્શન બંધ કર્યા નથી કેટલીક જગ્યાએ નવરાત્રિમાં લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવવાની સંભાવનાને ધ્યાને લઈને પૂરતી તકેદારી રાખવા ટ્રસ્ટોને સૂચના અપાઈ છે અને ટ્રસ્ટ સાથે પૂરતું સંકલન સાધીને સંક્રમણ વધે નહીં એ માટે તકેદારીના પગલા લેવાશે. તેમણે ઉમેર્યુ કે હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં સ્થાનિક કક્ષાએ સંજોગો અનુસાર જે તે મંદિરના ટ્રસ્ટ દ્વારા નિર્ણયો લેવાયા છે. ધાર્મિક સ્થાનોમાં પરંપરા મુજબ થતી આરતી, પૂજન, યજ્ઞો રાબેતા મુજબ ચાલુ રહેશે અને શ્રદ્ધાળુઓને દર્શન માટે મંદિર સુધીના માર્ગમાં ઓછા લોકો પ્રવેશે અને ડિસ્ટન્સ જળવાય તેની તકેદારી રાખીને આ માર્ગ પર ન્ઈઢની વ્યવસ્થા થકી દર્શનની સુવિધા ઉભી કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈને જે તે ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવાશે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે એ આ નવરાત્રિ દરમ્યાન આવતા શ્રધ્ધાળુઓમાં સંક્રમણ ન ફેલાય એ માટે પૂરતી તકેદારી રખાશે તેમ જ શ્રદ્ધાળુઓના આસ્થા માટે અપાતો પ્રસાદ પણ આસ્થા કેન્દ્રો દ્વારા બંધ પેકેટમાં આપવાનો નિર્ણય કરાયો છે. જેના લીધે દર્શનાર્થીઓ સીધા સંપર્કમાં ન આવે અને સંક્રમણ ફેલાય નહીં. તેમણે કહ્યું કે આગામી સમયમાં આવતા તહેવારોમાં પણ ધાર્મિક અને આસ્થા કેન્દ્રો પર જતા શ્રદ્ધાળુઓ પણ દર્શન માટે જાય ત્યારે કોરોનાના સંક્રમણથી બચવા માટે સ્વયં જાગૃતિ રાખે અને ચુસ્ત નિયમોનું પાલન સાથે યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે તેવો અનુરોધ પણ સરકાર દ્વારા કરાયો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028